# KDO world

KUTCHI DASHA OSWAL

December 2011

SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI



# Contents

**Inaugural Special** 4
Positively yours...

**Narshi Natha** 8
The visionary of the community

**KDO Community** 10
An overview

**Nayan Bheda** 16
Happiness by will, not by wish

**Kamlesh Vikamsey** 22
Man of perfection and vision

**Kulinkant Luthia** 28
Serving all, humbly

**Vaibhav Mota** 32
Towering talent in anchoring

**Gallery** 38
Overview of 18 months events


**Photo Gallery** 40
Stills from various KDO events











**Designed & printed at** SpentaMultimedia, www.spentamultimedia.com




We provide comprehensive range of Logistics services by integrating our domain, business expertise and strategic alliances to deliver tailored, customer focused solutions. We aim to provide pioneering and dedicated services designed to compete with the finest in the industry.

We offer International Freight Forwarding, Consolidation and Custom Broking i.e. Complete "One –Stop" Logistics solutions. We provide services that require personalized support all day, every day and at every location.

We ensure that our values stand out in any global market environment. Knowledge, commitment, productivity and professionalism are not just words but the principles that comprise our identity and allow us to become an essential part of customers' value chain.

When your product needs to go places, you can rely on us to be there to deliver and discover how we can add value to your desire...

**WE ARE**

**EXIM**
LOGISTICS SOLUTIONS
we help you globalize

**Exim Transtrade (India) Pvt. Ltd. Jayesh Jain (CMD)**

201, Marathon Maxima, L.B.S Marg, Mulund West, Mumbai 400 080, Maharashtra, India.
**T:** +91-22-66 800 800 **F:** +91-22-66 800 900
**E:** mail@exim.ws **W:** www.exim.ws

We congratulate KDO's young, dynamic and enthusiatic team for their heart felt efforts and a wonderful KDO World's first magazine issue.

Nothing great was ever achieved without enthusiasm.

- Ralph Waldo Emerson

JOY
In every moment of life
BUILDERS & DEVELOPERS

Joy developers have been a part of happy lives of numerous families and ventures by creating solid foundations for more than a decade. Our founder Shri. JAYANT SONI supported by his son Mr. BHAVIN J. SONI, holds value in smart and hard work. Having constructed residential and commercial projects in the hot-spot suburbs of Mumbai and lined up with more, the group is also actively involved in Community Development, Redevelopment Construction and Social activities.

Be a part of the Joy group and inspire to live a joyous life



**MEGA HOUSING CONCEPT**
Guhagar
150 Acres



**MEGA HOUSING CONCEPT**
Talegaon
300 Acres



**CALLISTA**
Andheri - East
Executive Apartments



**ADINATH TOWER**
Bhandup - West
2 BHK Apartments



**ALKA SOCIETY**
Andheri - West
2 BHK Apartments



**VINOD VILLA**
Matunga Central
3 / 4 / 5 BHK Apartments

## Go to your Gaon Again & Again

Corp. Off.: 306-310, 'Madhava' C-4, Near Family Court, Bandra Kurla Complex, Bandra [East], Mumbai - 400 051.
Tel.: 022 6702 1550 / 60 / 70 / 80 | Email: info@joydevelopers.com | Website: www.joydevelopers.com

thoughtrains *joy011111*

# પૉઝિટિવલી યોર્સ...

સૌથી પહેલાં તો મુંબઈમાં વસતા સર્વ કેડીઓ જ્ઞાતિજનોનો મુંબઈ મહાજન વતી ખૂબ ખૂબ આભાર, થૅન્ક યુ, વૅરી મચ. પરિવર્તન અને પ્રગતિ માટે સર્જાયેલી અનંત યુવાશક્તિ પૅનલને બે વરસ પહેલાં જ્ઞાતિજનોએ ચૂંટણીમાં ઉમળકાભેર જીત અપાવી હતી. તેની સાથે જ પૅનલના દરેક મૅમ્બરને પાકા પાયે ખબર પડી ગઈ હતી કે ચૅન્જ સ્વીકારવાની જ્ઞાતિજનોની રૅન્જ કેટલી ગજબ છે. સંપૂર્ણ વિશ્વાસ, સાચી શ્રદ્ધા અને પ્રગતિની અખૂટ ઝંખના વિના આવો ચૅન્જ શક્ય થાય નહીં. સાથે, ચૅન્જ લાવવા માટે હ્રદયના ઊંડાણ સુધી પૉઝિટિવિટી પણ જોઇએ જ. તેના વિના ચૅન્જની વાતો ચર્ચાના ચોતરે ટાઇમ પાસ બને, પણ ચમકતી વાસ્તવિકતા ક્યારેય ના બને. અને હા, સાથે દેશભરમાં વસતા કેડીઓનો પણ આભાર, જેમણે વર્તમાન મુંબઈ મહાજને કરેલાં કાર્યોની સુપેરે નોંધ લેતા રહીને ખૂબ સરાહના પણ કરી છે. આ પ્રોત્સાહન અમારા માટે આગળ વધવામાં મદદરૂપ થતો એક પાવર છે.

પણ કેડીઓ જ્ઞાતિ ડિફરન્ટ છે. તેથી જ જ્ઞાતિએ જોતજોતામાં, *નયે દૌર મેં લિખેંગે હમ મિલકર નયી કહાની...* એ પંક્તિને પાવરફુલ વાસ્તવિકતા બનાવવા માંડી છે. આજે આ ચૅન્જના પ્રકરણમાં, *કેડીઓ વર્લ્ડ*ના આગમન સાથે, એક નવું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. આમ તો એ *જ્ઞાતિ શિરોમણિ* નામના આપણા જાણીતા પ્રકાશનનું બ્રાન્ડ ન્યુ સ્વરૂપ છે. પણ જમાનો યુવાનોનો છે અને જ્ઞાતિના યુવાનોને આપણે જ્ઞાતિના વિકાસની પ્રક્રિયામાં ખંત અને સ્વેચ્છા સાથે જોડવાના છે. તેથી નવા સ્વરૂપમાં *કેડીઓ વર્લ્ડ* વધુ સ્ટાઇલિશ, યુથફુલ છે. અંગ્રેજી એટલે યુવાનોની ભાષા તેથી *કેડીઓ વર્લ્ડ* અંગ્રેજીમાં પણ કમ્યુનિકેટ કરશે. યુવાનો સાથે સંવાદ સાધવા તેમની ભાષા સાથે પરિવારે અને જ્ઞાતિએ પણ સુસંગત થવું પડે, રાઇટ?

*કેડીઓ વર્લ્ડ* મુંબઈ મહાજનની દરેક માહિતીનો અપ-ટુ-ડૅટ સંચય બનશે. સાથે જ, દરેક કેડીઓને તેમાં હોંશભેર આવરી લેવામાં આવશે. હવે પછી કોઈએ મીઠી મૂંઝવણ અનુભવવી નહીં પડે કે જ્ઞાતિમાં ચાલતી ગતિવિધિ કે મહાજને કરેલાં કાર્ય વિશે મને કેમ ખબર ના પડી? બસ, *કેડીઓ વર્લ્ડ* તમારા હાથમાં હશે તેની સાથે જ્ઞાતિની બધી વિગત પણ તમારી આંખો સામે હશે. અને *કેડીઓ વર્લ્ડ*નો પાયાનો સિદ્ધાંત એક જ છેઃ સારી વાતોનો કરવો પ્રસાર... પણ ક્યારેય નહીં કરવો અપપ્રચાર.

અને શા માટે નહીં? ચાતકની નજર આકાશ તરફ અને સાચા જ્ઞાતિજનની નજર વિકાસ તરફ જ રહેવી જોઈએ. જ્ઞાતિજનોને પ્રોત્સાહન તેના પોતાના જ્ઞાતિજનો નહીં આપે તો કોણ આપશે? જેમ સાચો સાધુ સત્સંગની વાત કરતો સારો લાગે તેમ સાચો જ્ઞાતિજન પણ જ્ઞાતિના વિકાસની જ વાતો કરતો શોભે. વળી, આપણે જેવું વિચારશું તેવા આપણે થઈશું, તો પછી વિચાર શા માટે સારા ના રાખવા? દુબઈનાં *ખલીજ ટાઈમ્સ* અને *ગલ્ફ ન્યુઝ* જેવાં અખબારોનો દાખલો લો. દુબઈ મુંબઈથી નાનું હોવા છતાં તેની ઊંચી પ્રતિષ્ઠા છે તો શા માટે? કેમ કે આ બે અખબારોએ કાયમ દુબઈની સારી છબિ દુનિયા સામે રજૂ કરી છે. અત્યારે આખું વિશ્વ મંદીમાં સપડાયેલું હોવા છતાં બેઉ અખબારો પોતાના લોકો વિશે કે દેશ વિશે નૅગેટિવ ન્યુઝ ક્યારેય પ્રસિદ્ધ કરતાં નથી. તેની જ અસર છે કે આજે પણ દુબઈ એકધારું વિદેશી રોકાણ અને ટૂરિસ્ટ પોતાની તરફ આકર્ષે છે. દુબઈની ઉજળી ઇમેજમાં તેના સત્તાધીશો સાથે આ બેઉ અખબારોની પૉઝિટિવિટીનો પણ સિંહફાળો છે. તેમના ઉમદા કાર્યોથી એ પણ સમજાય છે કે સમાજમાં અખબાર કે સામયિકની શી મહત્તા છે. અખબારો જો દેશની પ્રગતિમાં સિંહફાળો નોંધાવી શકે તો જ્ઞાતિની પ્રગતિમાં પણ પૉઝિટિવ ભૂમિકા ભજવી શકે છે. એ વાતને સૌ સુપેરે જાણે છે તેથી જ્ઞાતિની સેવા વૅરી પૉઝિટિવલી કરવા *કેડીઓ વર્લ્ડ* હાજર છે.

આપણે કાયમ સારી વાતો કરવી છે અને સારી વાતો વહેંચવી છે. કોઇપણ કેડીઓ સિદ્ધિ મેળવે તો એના વિશે અહીં ગર્વભેર નોંધ લેવાશે. ગમેતેમ તોય સારાં કાર્ય, ભાવ અને ઉદ્દેશની શરૂઆત તો પોતાનાથી જ થાય. બીજમાંથી વૃક્ષ બને, કળીમાંથી પુષ્પ ખીલે તેમ, આજે જો આપણે જ્ઞાતિની યુવાપેઢીને એનાં સારાં કાર્ય અને સિદ્ધિ માટે વખાણશું તો ભવિષ્યમાં તેઓ જ્ઞાતિને ગૌરવ અપાવે તેવા સ્થાને પહોંચવાને સક્ષમ થશે. પછી તે જ્ઞાતિના ઉત્કર્ષ માટે યોગદાન પણ આપશે. તેથી જ, જ્ઞાતિ વિશેની માહિતી અને એની સારી વાતો સૌના સુધી પહાંચાડવી એ અમારો પ્રયાસ છે અને એ એક જ અમારો ઉદ્દેશ છે. તેથી જ અહીં પ્રસિદ્ધ થનારી દરેક વિગત પ્રત્યેક કેડીઓને ગૌરવની લાગણી કરાવશે, એ છે વચન.

*કેડીઓ વર્લ્ડ*ના થોડા અંક વાચ્યા પછી તમનેય અમારા જ્ઞાતિલક્ષી ઉદ્દેશની ખાતરી થઈ જશે. આ સામયિકનું દરેક પૃષ્ઠ તમને પણ પૉઝિટિવલી પ્રોત્સાહિત કરશે. ફાઈનલી, એક વાત કહી દઈએ, *કેડીઓ વર્લ્ડ* ઈન્ફોર્મેટિવ હોવા સાથે સ્ટાઈલિશ, મોડર્ન અને સંસ્કારી પણ રહેશે. આખરે તો આ સામયિકનું કામ જ્ઞાતિની જૂની-નવી પેઢીને એકતાંતણે બાંધવાનું જ છે, જેમ જ્ઞાતિ શિરોમણિ નરશી નાથાએ આપણને એકતાંતણે બાંધ્યા તેમ. ■

# Positively yours...

Firstly, thank you very much to all KDO community members living in Mumbai for helping the Anant Yuva Shakti Panel in winning the elections of the community. The way the community supported the Panel proved what a range the community has for accepting change and progress. Also thanks to all KDOs living across the country for time and again appreciating the work done by the Mumbai Mahajan in the last two years.

Our KDO community is truly a different community and that's why, rewriting the future has become a reality faster now. This publication KDO World, a reincarnation of Gnati Shiromani, is a new chapter added in this exciting story. The reason why this magazine has a stylish look and even English content is that today's world belongs to the youth. A family or even a community should speak the language of youth to communicate with them effectively.

KDO World will become an up-to-date source of all information about the Mumbai Mahajan and every KDO member. Henceforth, no one will ever have to wonder why he or she is not aware of what is happening in the community or what works Mumbai Mahajan has done. The basic principle of KDO World is simple: Spread everything that is good but never talk bad.

After all, if we would not encourage our own community members then who else will? A monk is a true monk when he speaks about religion and a community member is a true community member when he or she speaks about the community's progress. Life is what we think and so, why not think good for our own people? Take examples of Dubai's newspapers like the Khaleej Times or the Gulf News. Even though Dubai is smaller than Mumbai in size, it enjoys great image world over. Why? Because these two newspapers have always presented their country's positive side to everyone. Today, when the world is reeling under depression, these newspapers never publish negative news about their country.

Thanks to this carefully worked out strategy, coupled with good work done by Dubai's authorities, that Dubai is constantly attracting foreign investments and tourists alike from all corners of the world. A newspaper or publication can play a very important role in the progress of a nation or community alike. KDO World is here to play that vital, positive role for our community.

We always have to spread a good word and take note of remarkable achievements of any KDO member. Today, if we will promote and encourage our young members for their good deeds, tomorrow they will take our community to great heights which will make us all proud, and will also contribute in the community's further progress.

You will feel the same positivity after reading few issues of KDO World. Every page of this magazine will inspire even you to think positively about the community. Finally, let us tell you one thing: KDO World will remain stylish, modern and with culture too. For, the basic purpose of this magazine is to become a bridge between the old and new generations of KDO, just like our Gnati Shiromani Narshi Natha had done before! ■

Our past and current associations are a testimony to our expertise in the Mall business.

Having developed over 40,000,000 sq.ft. of Mall/Retail space in India, Nepal and Qatar, we deliver beyond expectation.

## Past Projects:

The Forum Malls | Haiko Malls | Eva Malls

UB City Mall | Ishanya Mall | Metro Junction Mall

Infiniti Malls | Inorbit Malls | City Mall 36 | Magneto Mall

## Current Projects:

beyond squarefeet advisory pvt. ltd.
beyond squarefeet mall management pvt. ltd.
t. +91.22.4215.5315 info@beyondsquarefeet.com
www.beyondsquarefeet.com


mumbai | delhi | cochin | doha

Member of Middle East Council of Shopping Centres

Member of International Council of Shopping Centers

# દશાઓના પ્રથમ દીર્ઘદ્રષ્ટા સુકાની શેઠશ્રી નરશી નાથા

**સેંકડો મહાનુભવોએ અને સ્વયં જમશેદજી ટાટાએ નરશી શેઠના અવસાન વખતે એમને આદરાંજલિ અર્પી હતી. નાત માટે જાત અને સંપત્તિ બેઉ ખર્ચી નાખનાર આપણા જ્ઞાતિ શિરોમણિની જીવનગાથા એટલે દરેક કચ્છી દશા ઓશવાલ માટે પ્રેરણાદાયી પ્રકરણ.**



શેઠશ્રી નરશી નાથાનો જન્મ ૧૭૮૪માં થયો. તોય આજે ૨૩૭ વરસ પછી પણ એમનું નામ આદર, ગૌરવ અને અભિમાન સાથે લેવાય છે. માત્ર કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ શા માટે, મુંબઈના ઈતિહાસમાં અને ગુજરાતીઓની તવારીખમાં પણ નરશી શેઠનો ઉલ્લેખ તેજસ્વી તારલા તરીકે થાય છે. કચ્છી દશા ઓશવાલ તરીકે આપણે એ જાણવું તો રહ્યું જ કે આપણા જ્ઞાતિ શિરોમણિએ જ્ઞાતિ માટે, શહેર અને સમાજ માટે કેવાં ઉમદા કાર્ય કર્યાં હતાં.

**એમણે ગામેગામ જ્ઞાતિના સુકાની ઊભા કર્યા. નલિયાના ચંદ્રપ્રભુ જિનાલયની પ્રતિષ્ઠા પહેલાં મુંબઈથી સિદ્ધાચલજીનો સંઘ કાઢ્યો. બાવન ગામથી જ્ઞાતિજનોને નોતરી પહેલવહેલી વાર જ્ઞાતિમેળો યોજ્યો. આ ક્રમ એમણે આજીવન જાળવી રાખ્યા.**

નરશી શેઠ અસામાન્ય માનવી હતા. તેથી જ તેમણે સામાન્ય માણસની જેમ પરિવાર સંચાલનથી ક્યાંય આગળ જઈ જ્ઞાતિ ઉત્કર્ષનો યજ્ઞ ચલાવ્યો હતો. મૂળ તેઓ નલિયા ગામના અને જન્મ થયો નાગડા ગોત્રમાં. ૧૮૦૧માં કચ્છમાં દુકાળ પડ્યો તેથી દીકરા નરશીને સાથે લઈ પિતા નાથા શેઠ મુંબઈ આવ્યા. મુંબઈમાં ત્યારે ચોખ્ખું પાણી મેળવવું અઘરું હતું. તેથી પિતા-પુત્રએ લોકોને ચોખ્ખું પાણી પિવડાવવાનું કામ આરંભ્યું. સદ્વ્યવહાર અને સદ્સ્વભાવથી ભાટિયા, પારસી, ખોજા, મેમણ, લોહાણા જેવી જુદી જુદી કોમના વેપારીઓ સાથે તેમનો સંપર્ક દૃઢ થતો ગયો. સૌની પાસેથી વેપારની કુનેહનું પણ તલસ્પર્શી જ્ઞાન મળતું ગયું.

ત્યાં જ વળી બ્રિટનને અમેરિકાથી રૂ મળવું દુષ્કર થતાં અંગ્રેજોએ ભારતમાંથી રૂ આયાત કરવા માંડ્યું. ખાનદેશથી ગાડાં ભરી ભરીને, તો દક્ષિણ ભારતથી વહાણ ભરી ભરીને રૂ મુંબઈ આવતું. આ કામ જટિલ હોવાથી માત્ર સાહસિકોને જ ફાવનારું હતું નરશી શેઠે આ કામમાં ઝંપલાવીને જોતજોતામાં ઊંચી શાખ જમાવી દીધી. વેપાર વધતો ગયો તેમ તેમણે જ્ઞાતિજનોના વિકાસનું કામ પણ હાથમાં લીધું. કચ્છના ગામેગામથી એમણે દશા ઓશવાલ બંધુઓને મુંબઈ બોલાવ્યા. રહેવાની, ખાવાપીવાની વ્યવસ્થા કરી આપી અને વેપારમાં આગળ વધવાને પ્રોત્સાહિત કર્યા. સુખ, સમૃદ્ધિ અને સંપત્તિ વધે ત્યારે જ્ઞાતિજનો માટે સમર્પિત થવાનો આવો ભાવ તો વીરલા જ રાખી શકે.

આટલું ઓછું હોય તેમ નરશી શેઠે જ્ઞાતિજનોને ભાષા, ગણિત વગેરે શીખવાનો પ્રબંધ કરી આપ્યો. વેપારનો વ્યાપ વધતા જ્ઞાતિજનોને દેશના જુદા જુદા ખૂણે મોકલીને ત્યાં પણ થાળે પાડ્યા. એના પછી એમણે હાથમાં લીધું સમસ્ત જ્ઞાતિને એકતાંતણે બાંધવાનું, સામાજિક સુધારાનું અને ધર્મનો વ્યાપ વધારવાનું ભગીરથ કાર્ય.

એની એક ટૂંકી યાદી જોઈ જઈએ ? નરશી શેઠે નલિયા અને જખૌ વચ્ચે વટેમાર્ગુઓ માટે વિશ્રાંતિગૃહ, પરબ, વાડી, વાવ બંધાવ્યાં. નલિયામાં ધર્મશાળા બંધાવી. માંડવીમાં વિશ્રાંતિગૃહ અને ઠાકરશી વેરશી પીર સાથે મળીને ચંદ્રપ્રભુનું મનોહર જિનાલય બંધાવ્યું. અંજારના અચલગચ્છીય જિનાલયનો જિર્ણોદ્ધાર કરાવ્યો. અનેક સ્થળે સદાવ્રત અને ભોજનની વ્યવસ્થા ઊભી કરી. જ્ઞાતિમાં ત્યારે વિધવા પુનર્લગ્નના ઓઠા હેઠળ કન્યાવિક્રયનું દૂષણ ઘર કરી ગયું હતું. એ કુપ્રથા બંધ કરાવવા કચ્છના મહારાવ દેશળજી સાથે વિચારણા કરી. પછી જ્ઞાતિમાં ઠરાવ કરાવ્યો કે જ્ઞાતિની કન્યાનાં લગ્ન તેના પિતા પૈસા માટે પરજ્ઞાતિમાં ના કરાવે. સાથે જ, જ્ઞાતિમાં લગ્ન થાય ત્યારે જો કન્યાના પિતા પાસેથી વરના પિતા સો કોરીથી વધુની રકમ લે તો બેઉ સંઘના ગુનેગાર થાય.

આટલેથી નરશી શેઠ અટક્યા નહોતા. એમણે ગામેગામ જ્ઞાતિના સુકાની ઊભા કર્યા. નલિયાના ચંદ્રપ્રભુ જિનાલયની પ્રતિષ્ઠા પહેલાં મુંબઈથી સિદ્ધાચલજીનો સંઘ કાઢ્યો. બાવન ગામથી જ્ઞાતિજનોને નોતરી પહેલવહેલી વાર જ્ઞાતિમેળો યોજ્યો. આ ક્રમ એમણે આજીવન

જાળવી રાખ્યો. એનાં મીઠાં ફળ એ છે કે આજે આપણે જ્ઞાતિના મહાજનશ્રી થકી એક છત્ર નીચે છીએ અને જ્ઞાતિનાં વિવિધ ટ્રસ્ટ થકી થતાં કાર્યોથી ગર્વભેર કહી શકીએ છીએ, ''આપણે સૌ કેડીઓ એક જ, ભલે દુનિયામાં ગમે ત્યાં રહીએ!''

૧૧ ડિસેમ્બર, ૧૮૪૨ના દિવસે નરશી શેઠ જિનચરણ પામ્યા. તેમનાં સેવાકાર્યોની નોંધ લઈને મહાપાલિકાએ ૧૯૬૮માં મસ્જિદ બંદરના માંડવી વિસ્તારના એક ધમધમતા માર્ગને નરશી નાથા સ્ટ્રીટ નામ આપ્યું. દીર્ઘદ્રષ્ટા જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશી નાથાનું હવે પછી સ્મરણ કરીએ ત્યારે એક સંકલ્પ આપણે સૌએ કરવાનો છે, ''એમનાં કાર્યોને, એમની જ્ઞાતિભાવનાને આગળ લઈ જવાં છે અને વિશ્વના દરેક કેડીઓને સુખી કરવા છે એ આપણો પહેલો ધર્મ છે.'' ■

---

## Narshi Natha

### The Visionary Of The Community

Born in 1774 in Kutch Nalia in Nagda gotra, Shri Narshi Natha is even today considered as the most prolific personality of our community for his unmatchable vision, devotion towards the community members and social, philanthropic work he did for us.

He came to Mumbai with his father Natha Sheth following a major draught in the Kutch region. Soon, the father and son began work of supplying potable water to people as Mumbai was reeling under acute shortage of it then. With his friendly behavior and honesty, he found many well-wishers from the city's business communities like Bhatia, Parsi, Khoja Memon and Lohana.

Just when the British rulers looked upon at Indian markets for sourcing cotton for its factories back in their country, as it became difficult for them to get requisite cotton from the USA, he saw a business opportunity and ventured into it with brevity. He became one of the pioneer businessmen in the field which was considered very challenging because of lots of hardships involved in its smooth running.

He made his fortune in the cotton business and invited several KDOs from Kutch villages to be part of his growing business empire. Not only work, he also provided KDOs shelter and all other facilities needed to survive in Mumbai. And this began the brightest ever chapter of growth for the community as KDOs started progressing with him and independently too, after learning business from him.

Narshi Natha did not stop there in his endeavor of changing face of the community. He encouraged KDOs to learn local and other languages and mathematics by organising teaching classes. On the social front, he began philanthropy too. He built Vishrantigruh, Parab (water-hut for serving water to wayfarers and passengers), Wadi, Vaav (large, stepped well) between Nalia and Jakhau, a dharmashala in Nalia, another Vishrantigruh in Mandvi and a Chandraprabhu jinalay as well, along with Thakarshi Vershi Pir. He also did jirnoddhar (redevelopment) of the Achalgachchhiya Jinalay of Anjar, he started sadavrat at various places. When the community was facing a challenge of women trading under the name of widow marriage, he played an instrumental role after consulting Maharao Deshalji in bringing a rule in the community which banned marriage of brides outside the community for money. The rule also put a cap of 100 koris (currency of that time) which can be given to the bride's father by groom's father at the time of marriage.

He even went to bring the entire community under one roof by organising the first ever community gathering which was attended by members of the community from 52 villages.

> Narshi Natha made his fortune in the cotton business and invited dozens of KDOs from Kutch villages to be part of his growing business empire. Not only work, he also provided KDOs shelter and all other facilities needed to survive in Mumbai.

He left for the heavenly abode on 11 December 1842. In 1968, the Mumbai Municipal authorities named after him a busy business street of Mandvi, Masjid Bunder in Mumbai which is known as Narshi Natha Street even today. We should always feel pride in the fact that our community had such a visionary personality among us who not only helped KDOs to grow but also infused the feeling of unity and brotherhood in all. Let us also decided to follow his path and make sure that we too do everything for making every KDO under the sun a happier human being! ■

# ઈતિહાસ દશા ઓશવાલનો દેશ-દેશાવર છતાં ધર્મિષ્ઠ-દિલાવરી

**થરપારકર, સિંધ, પોખરણ, ભીનમાલથી કચ્છ અને હાલાર સુધી આપણી જ્ઞાતિનો ઈતિહાસ ફેલાયેલો છે. સદીઓનો આ પ્રવાસ આપણી આંતરશક્તિની અને વિકસવાના આપણા નિરંતર નિર્ધારની પણ ઝળહળતી સાબિતી છે !**

કચ્છ શબ્દનો અર્થ જાણો છો ? સંસ્કૃત ભાષા મુજબ કચ્છનો એક અર્થ છે ટાપુ. ૪૫,૬૧૨ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલું કચ્છ ભારતનો બીજો સૌથી મોટો જિલ્લો છે. પહેલા નંબરે છે લેહ. મુખ્યત્વે પાંચ વિસ્તારમાં વહેંચાયેલા કચ્છનો આકાર કાચબા જેવો છે. આ વિસ્તારનું નામ કચ્છ પડ્યું તેની પાછળ તેનો આકાર છે, તેવી પણ એક માન્યતા છે. એક સમયે જે ટાપુ હતી તે કચ્છની ધરતી ક્યારેક દરિયામાં પૂરેપૂરી ગરકાવ થયાનું ઈતિહાસમાં નોંધાયું છે. આજે પણ કચ્છનું નાનું અને મોટું રણ વરસાદની મોસમમાં ઘણીવાર દરિયાતળે આંશિક રીતે ગરકાવ થઈ જાય છે. આવી આ અનોખી, ઐતિહાસિક ધરતી પર આપણી ધીંગી જ્ઞાતિ કચ્છી દશા ઓશવાલની ગાથા કેવી રીતે શરૂ થઈ, વિકસી અને અહીં સુધી પહોંચી ? ચાલો, ઉપલબ્ધ વિગતોનું વહાણ ઉપાડી જઈએ ઈતિહાસના અજાયબ પ્રદેશ તરફ.

ભારત તરીકે ઓળખાતા આપણા દેશમાં ક્યારેક સેંકડો અને હજારો કિલોમીટર દૂરથી આવીને કેટલાંય શક, કબીલા, વણજારે વસવાટ કર્યો હતો. ઈસવીસન પૂર્વે બીજી સદીથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં આવી જ રીતે અસંખ્ય લોકો આવીને વસ્યા. પંજાબ, રાજસ્થાન અને ઉત્તર ગુજરાતને એમણે પોતાની ભોમકા બનાવી. એ પરદેશીઓ પરાક્રમી, પ્રમાણિક અને સ્થાનિકો સાથે દૂધમાં સાકર ભળે તેમ ભળી જનારા હતા. તેથી જ તેઓ સમય જતા સ્થાનિક નાગરિકો થયા. તેમની સાહસિક વૃત્તિ જોઈને ત્યાં વસતા બ્રાહ્મણોએ તેમને ક્ષત્રિય તરીકે સન્માનિત કર્યા. આ ક્ષત્રિયો પછી રાજપુત તરીકે ઓળખાયા. આવા જ ઘણા રાજપુતો કાળક્રમે જૈન આચાર્યોના પ્રભાવમાં એવા રંગાયા કે એમણે મહાન જૈન ધર્મ અંગિકાર કર્યો. આ બધું થયું દસમી સદીના અંતભાગથી પંદરમી સદીની વચ્ચે.

તમે પૂછશો કે આ બધામાં આપણે કચ્છી દશા ઓશવાલ ક્યાં આવ્યા ? ઓશવાલ પ્રજાના ઈતિહાસ વિશેની બે માન્યતા સાહિત્યમાં સચવાયેલી છે. એક માન્યતા મુજબ જે જે રાજપુતો જૈન થઈ જોધપુર નજીકના ઓસિયાનગર ગામે વસ્યા તેઓ જૈન ઓશવાલ કહેવાયા. બીજી માન્યતા ઓશવાલ પ્રજાને દક્ષિણ રાજસ્થાનના ભીનમાલ શહેર સાથે સાંધે છે. આ બેઉને જોડતી કડી એવી પણ ખરી કે ભીનમાલ આસપાસ જે ઓશવાલ વસ્યા હતા તેમણે ઈસ્લામી આક્રમણના દોર વખતે શહેર છોડ્યું. ત્યાંથી નીકળ્યા પછી થરપારકરની સીમા નજીક તેમણે ઓશિયાનગર વસાવ્યું.

જૈન ધર્મના પાયામાં જ અહિંસા, શાકાહાર જેવા બેનમૂન ગુણ છે. એ યુગમાં જે ક્ષત્રિયોએ જૈન ધર્મ સાથે શાકાહાર અપનાવ્યો તેમને અલગ તારવવા માટે મહાજન વંશ સ્થપાયો. કુલ અઢાર ગોત્રનાં ૧,૮૪,૦૦૦ જૈન ઘર આમ મહાજન થયાં. આપણી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ, ઓસ પ્રદેશમાં વસતી પ્રજાની ઓળખ ઓશવાલ થઈ. એ બધા સુધી ઓશવાલ વંશની સ્થાપનાનો ઈતિહાસ ફેલાયેલો છે.

મુસ્લિમ બાદશાહોના આક્રમણની વાત પર પાછા આવીએ. અગિયારમી સદીમાં ભીનમાલ અતિ સમૃદ્ધ પ્રદેશ હતો. તેથી જ ત્રણેક વાર તેના પર મુસ્લિમ આક્રમણ થયું હતું. ત્યાં વસતા ઓશવાલોએ આક્રમણથી ત્રસ્ત થઈને સ્થળાંતર કર્યું અને આખા રાજસ્થાનમાં પ્રસરી ગયા. ઓસ પ્રદેશમાં ઓશવાલો વસતા હતા એના સંદર્ભમાં પણ અલગ નોંધ છે. ત્યાંના રાજા સાથે તકરાર થતાં ઓશવાલોએ સિંધ તરફ સ્થળાંતર કર્યું હતું. સ્થળાંતરનું કારણ ત્યાં વારંવાર પડતો દુકાળ હોવાનુંય ઈતિહાસમાં નોંધાયું છે. થરપારકરના જે વિસ્તારમાં ઓશવાલો વસ્યા એ વિસ્તાર પણ ધીમે ધીમે સિંધ તરીકે ઓળખાવા માંડ્યા હતા. વળી ક્યાંક ધાર્મિક અત્યાચારોનો ભોગ બનવાથી પણ ઓશવાલો માટે સ્થળાંતર ફરજિયાત બની ગયું હતું.

આ બધા વચ્ચે અમુક વાતો ખૂબ નોંધનીય થતી રહી. રાજસ્થાનમાં ત્યારે જૈન અને વૈષ્ણવ બે ધર્મ સર્વોપરી હતા. બેઉમાં અહિંસાનું મહાત્મ્ય એકસરખું. જૈન ધર્મ તપ અને અપરિગ્રહને તો વૈષ્ણવ ધર્મ ભક્તિને પ્રાધાન્ય આપનારો. બેઉ ધર્મની મૂળભૂત લાક્ષણિકતાઓ સરખી હોવાથી બેઉ ધર્મની પ્રજા એકમેકની નિકટ આવતી ગઈ. તેના લીધે જ કેટલાક જૈન વૈષ્ણવ થયા તો કેટલાક વૈષ્ણવ થયા જૈન. કદાચ તેથી જ ઓશવાલ કોમ અને મહેશ્વરી કોમ એકમેકની ખૂબ નજીક હોવાનું આજેય વર્તાઈ આવે છે.

હવે વાત કરીએ જૈન ધર્મના વધતા ગયેલા વ્યાપ અને પ્રભાવની. જૈન ધર્મમાં ત્યારે યતિ ધર્મગુરુઓની પરંપરા ખૂબ પ્રચલિત હતી. યતિ ધર્મગુરુઓ દેશ આખામાં પગપાળા વિચરતા અને લોકોમાં સાચા ધર્મનું સિંચન-આચરણ કરવાનું કાર્ય અવિરતપણે કરતા હતા. આવા જ એક ધર્મપારાયણ યતિ વિહાર કરતાં કરતાં એકવાર સિંધ ગયા. ત્યાં એમણે જોયું કે ઘણા જૈનો ધર્મના નિયમો ભૂલી જઈને ખોટી રીતે વર્તતા થઈ ગયા હતા. સદ્ભાગ્યે, તેમ છતાં જૈનોમાંથી ધર્મનો પ્રભાવ

**ઈસવી સન ૧૬૫૦ સુધીમાં ઓશવાલ પ્રજા નાના-મોટા સમુહમાં વસવાટ અર્થે કચ્છ આવી. સિંધમાંથી જે ઓશવાલોએ યતિશ્રીના કહેવા મુજબ સ્થળાંતર કર્યું તેમને કચ્છમાં વસવાની વ્યવસ્થા પણ યતિશ્રીની ભલામણથી થઈ. ત્યારે કચ્છના રાજા મહારાવશ્રી ખેંગારજી પહેલા હતા. યતિશ્રીએ એમને જણાવ્યું કે ઉદ્યમી ઓશવાલ પ્રજા કચ્છમાં વસશે તો પ્રદેશના વિકાસ માટે ખૂબ ઉપયોગી પુરવાર થશે. મહારાવે એમની વાત સ્વીકારી અને ઓશવાલો માટે કચ્છ બન્યું એમની ભૂમિ**

પૂરેપૂરો નાબૂદ થયો નહોતો. યતિશ્રીએ એમને સમજાવ્યા, ''વહેલામાં વહેલી તકે સિંધ છોડી દો બાકી ધર્મ ચૂકશો અને...''

જૈનોના સમુહે સિંધ છોડ્યું તો ખરું પણ ટોળેબંધ લોકોને જતા જોઈને પાછળ પડી ગયું સ્થાનિક રાજાનું લશ્કર. પ્રવાસ કરતો સમુદાય પોખરણ વિસ્તારના પુષ્કર્ણા ગામે પહોંચ્યો. ત્યાંના સ્થાનિકો પાસે એમણે આશ્રય માગ્યો. સ્થાનિકોએ એમને પોતાના પરિવારજનોમાં ભળી જઈ ઊંઘી જવાની એટલે કે છુપાઈ જવાની પરવાનગી આપી. લશ્કર પણ ત્યાં પહોંચ્યું. સેનાપતિએ ગામની બ્રાહ્મણ પ્રજાના આગેવાનોને સમુદાય વિશે પૂછ્યું. પુષ્કર્ણાના બ્રાહ્મણો બહાદુર અને લડાયક હતા. લશ્કરને ખાલી હાથે પાછું વાળવામાં બ્રાહ્મણોને સફળતા મળી.

આ ઉપકારના બદલામાં સમુદાયે પુષ્કર્ણા બ્રાહ્મણોને ગોરપદું આપ્યું. પોતે જમતા પહેલાં પુષ્કર્ણા બ્રાહ્મણને જમાડવાની પ્રથા આરંભી. જો કે જે પુષ્કર્ણા બ્રાહ્મણોએ ઓશવાલ જૈનોને આશરો આપ્યો તેમને નાતબહાર કરવામા આવ્યા. એના પછી તેઓ રાજગોર તરીકે ઓળખાયા. પણ બેઉ કોમ વચ્ચે જે સાયુજ્ય સધાયું, ગોઠવણ ઠરાવાઈ તે છેક ઈસવી સન ૧૮૯૪ સુધી યથાવત્ ચાલતી રહી. ત્યાર પછી મુંબઈના બ્રાહ્મણોને જમાડવાના મામલે જ્ઞાતિજનોમાં બે ભાગ પડ્યા અને બહુચર્ચીત રાજગોર કેસ લડાયો.

અખંડ ભારતના થરપારકર, સિંધ, સ્વતંત્ર ભારતના ભીનમાલ, પોખરણ કે અન્ય સ્થળેથી ઓશવાલ કોમ ક્યારે કચ્છમાં આવીને વસી તેની કોઈ નક્કર માહિતી તો મળતી નથી. છતાં જે નોંધ પ્રાપ્ય છે તેના આધારે કહી શકાય કે ઈસવી સન ૧૬૫૦ સુધીમાં ઓશવાલ પ્રજા નાના-મોટા સમુહમાં વસવાટ અર્થે કચ્છ આવી. સિંધમાંથી જે ઓશવાલોએ યતિશ્રીના કહેવા મુજબ સ્થળાંતર કર્યું તેમને કચ્છમાં વસવાની વ્યવસ્થા પણ યતિશ્રીની ભલામણથી થઈ. ત્યારે કચ્છના રાજા મહારાવશ્રી ખેંગારજી પહેલા હતા. યતિશ્રીએ એમને જણાવ્યું કે ઉદ્યમી ઓશવાલ પ્રજા કચ્છમાં વસશે તો પ્રદેશના વિકાસ માટે ખૂબ ઉપયોગી પુરવાર થશે. મહારાવે એમની વાત સ્વીકારી અને ઓશવાલો માટે કચ્છ બન્યું એમની ભૂમિ.

હવે વાત કરીએ કુળની અને અટકની. સિંધમાંથી રાતોરાત સ્થળાંતર કરનારા ઓશવાલો સાથે મહેશ્વરી પ્રજાના લોકો પણ હતા. એમાંથી મહેશ્વરીઓનો મુખ્ય સમુદાય લઢા મહેશ્વરીઓનો. એ કુળના નવાજીને બ્રહ્માનસુરિએ ઉપદેશ દીધો અને જૈન ધર્મ અંગિકાર કરાવ્યો. એ જૈનોના વંશજ લોઢા કહેવાયા. લોઢાનું અપભ્રંશ થઈને થયું લોડાયા. તેવી જ રીતે મહેશ્વરી કુળમાંથી આવનારા લોકોમાં સોની, ડાઘા, ધ્રોળ, કુરવા, લધડ, પાનપરીઆ, ખોંભડા, પોલડીઆ, કંકન, માંયા, મૈશેરી નુખ ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. આપણી જ્ઞાતિની પિસ્તાલીસ જેટલી સંખ્યા મહેશ્વરી કુળની છે.

ઓશવાલ સુધી જાણ્યા પછી હવે દશા-વીસાની વાત પણ જાણીએ. એનાં મૂળ વસ્તુપાળ-તેજપાળને ત્યાં થતી જમણવારના સમયમાં છે. તે વખતે એકવાર વિધવા પ્રશ્નના મામલે વિવાદ થયો હતો. વિવાદ થતાં અમુક રૂઢિચુસ્તોએ જમવાનું ગ્રહણ ન કર્યું અને તેઓ વીસા કહેવાયા. જેઓએ જમવાનું ગ્રહણ કર્યું તેઓ દશા કહેવાયા. જો કે વીસા ઓશવાલોએ તેઓ મહેશ્વરી કુળ સાથે હોવાથી તેમને સ્વીકાર્યા નહીં. એટલે કબીલાએ પોતાને દશા તરીકે ઓળખાવ્યા.

દશા-વીસા પરિવારોએ પછી પોતપોતાનું વિશ્વ વસાવ્યું. માંડવી વિસ્તારનાં બાવન ગામમાં વીસા ઓશવાલ વસ્યા. અબડાસાનાં બેતાલીસ ગામોમાં વસ્યા દશા ઓશવાલ. સમાન ધર્મ, સમાન આચરણ, સમાન રીતરિવાજ અને વિચરતા યતિ-સાધુઓને લીધે બેઉ જ્ઞાતિઓ પહેલેથી એકમેકની ખૂબ નજીક રહી છે. એકવાર એવુંય થયું કે વિધવા વિવાહ મામલે વીસા ઓશવાલોમાં રૂઢિચુસ્ત વલણ થયું. જેમણે વિધવા સાથે વિવાહ કર્યા એ વીસાઓને નાતબહાર કરવામાં આવ્યા. અબડાસા વિસ્તારના દશાઓએ એમને આવકાર્યા, પોતાનામાં ભેળવી દીધા. સૌથી છેલ્લે આવનારાઓમાં ભેદા તથા વાગડ વિસ્તારના ચુરલા પરિવાર પછી બંધી ફરમાવવામાં આવી. ચુરલા પરિવાર જ પછી ચરલા તરીકે ઓળખાયો.

લોડાયા, મોમાયા, સાંયા, ધરમશી, પોલડીઆ, ગોસર, મોતા, ભેદા, લાપસિયા, હેફા, ડાઘા, ગડા, વિકમશી, ખોંભડી, નાગડા, ખોના, દંડ, મૈશેરી, છેડા, ધુલ્લા, સોની, મુનવર, કુરવા, લુઠીઆ, સાયલા, ગાલા, વોરા, ચુરલા, બોરીચા, ગુટકા, લાલકા, શીઆડ, ધ્રોળ, કાંકન, સંઘવી, મંગ્યા, પાનપરીઆ... એવાં વિવિધ ગોત્રનાં નામ જ્ઞાતિના લોકોએ આજ સુધી જાળવી રાખ્યાં છે.

દશા ઓશવાલના પરિવારો જામનગર નજીક હાલારમાંય વસ્યા. એ ત્યારે થયું જ્યારે કચ્છના જાડેજા રાજવંશમાં ગાદી માટે તકરાર થઈ. ત્યારના કચ્છના ભાયાત જામ રાવલે કચ્છ છોડ્યું. હાલાજીના નામ પરથી હાલાર નામે પોતાનું જુદું રાજ્ય સ્થાપ્યું. એમના આમંત્રણને માન દઈને આપણી જ્ઞાતિની જેમ વીસા ઓશવાલના કેટલાક પરિવાર ત્યાં જઈને વસ્યા. ગર્વની વાત એ છે કે આપણા પરિવારોએ ત્યાં વસીનેય કચ્છી દશા ઓશવાલ તરીકે પોતાને ઓળખાવાનું ચાલુ રાખ્યું. જ્ઞાતિના ત્યાં વસનારા લોકોએ હાલારી તરીકે પોતાની જુદી જ ઓળખાણ પ્રસ્થાપિત કરી. અબડાસા અને માંડવીના ગોધરા ગામના ચુસ્ત કંઠીબંધ કરાડ મહેશ્વરી જ્ઞાતિના પાંસઠ પરિવારોને પણ ભૂતકાળમાં લેખિત કરાર હેઠળ જ્ઞાતિમાં દાખલ કરાયા હતા. કરાર મુજબ એમને એમનો ધર્મ પાળવાની છૂટ એટલે દેવાઈ કે ભૂતકાળમાં દશા ઓશવાલમાં માહેશ્વરીઓ હતા. બેઉનાં લોહી એક જ અને આજે પણ આ લોકો જૈન ધર્મ પાળે છે.

આપણા પરિવાર મુંબઈ કેવી રીતે આવ્યા? ઈસવી સન ૧૭૮૪ આસપાસ તેરા ગામના આપણા જ્ઞાતિજનો જેતશી જીવરાજ અને શામજી સારંગ મુંબઈ આવ્યા. એમણે મુકાદમીનુ કામ શરૂ કર્યું. ઈસવી સન ૧૮૧૯માં કચ્છમાં ધરતીકંપે અનેક પ્રાકૃતિક પરિવર્તન અને પડકાર સર્જ્યાં. તેમાં સિંધુ નદીનો પ્રવાહ પણ બદલાયો અને તેનાં પાણી કચ્છ પહોંચતાં બંધ થયાં. વળી દુકાળ પણ છાશવારે પડવા માંડ્યા. નાજૂક સંજોગે દશાઓને કચ્છથી સ્થળાંતર કરવાની ફરજ પાડી.

સ્થળાંતરના એ દોરમાં જ નલિયા ગામના, નાગડા ગોત્રના શેઠશ્રી નાથા એમના પિતા સાથે ઇસવી સન ૧૮૦૧માં જખોથી દરિયામાર્ગે થઈને મુંબઈ આવ્યા. શરૂઆતમાં પાણીનો વેપાર કરી તેઓ સ્થાયી થયા. પછી રૂના વેપારમાં તકો સર્જાવાથી એમણે એમાં ઝંપલાવ્યું. પ્રગતિ થતી ગઈ એમ તેમણે જ્ઞાતિજનોને કચ્છથી મુંબઈ બોલાવીને વેપારમાં જોડ્યા. મુંબઈ ઉપરાંત ખાનદેશ, વરાડ, હુબલી, ગદગ જેવા સ્થળે દશાઓ વસતા ગયા.

સમય જતાં મુંબઈ જ્ઞાતિ માટે મુખ્ય કેન્દ્ર બન્યું. અન્ય જૈનો સાથે પણ પરિચય વધી ગયો. પાયધુની ગોડીજી જિનાલયમાં ત્યારે જમણવારો યોજાતા. એમાંના એકમાં વિધવા વિવાહની ચર્ચામાં જ્ઞાતિનું અપમાન થયું. અન્ય જૈન જ્ઞાતિઓમાં વિધવા વિવાહની મનાઈ હોવાથી જ્ઞાતિના શ્રેષ્ઠીઓએ શુભાષયથી આપણી જ્ઞાતિમાં પણ વિધવા વિવાહ પર પ્રતિબંધ મૂક્યો. ઠરાવ પર જો કે હાલારના પાંચ જ જ્ઞાતિબંધુઓની સહી હતી. જેમણે ઠરાવ વિરુદ્ધ વિધવા વિવાહ કર્યાં તેમને નાતબહાર કરાયા. એ નોખા પડેલાની જ્ઞાતિ પંજા જ્ઞાતિ તરીકે ઓળખાઈ. નાતમાં એક નાની અને એક મોટી એમ બે ભાગલા પડ્યા. વરસો પછી જો કે બેઉ જ્ઞાતિનું ફરી વિલિનીકરણ થયું.

આપણી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ અચલગચ્છની એક અકબંધ જ્ઞાતિ છે. મોટાભાગની જ્ઞાતિઓ ભલે વિવિધ સંપ્રદાયોમાં ફંટાયેલી જોવા મળે, પણ દશા ઓશવાલ જ્ઞાતિમાં એવું નથી થયું. બેશક, ભૂતકાળમાં જ્ઞાતિ તોડવાના પ્રયત્નો થયા હતા ખરા. તેની અસર આજે પણ જોવા મળે છે. એ બધા વચ્ચે જ્ઞાતિની પ્રગતિ થતી રહી એય પાકું. સમૃદ્ધિની શરૂઆત થઈ સન ૧૮૨૦ પછી.

સન ૧૮૨૨માં આપણું પ્રથમ જિનાલય તેરા ગામે બંધાયું. ૧૮૩૪થી ૧૯૦૦ વચ્ચેના છાંસઠ વરસમાં કચ્છમાં આડત્રીસ અને દેશ-વિદેશમાં અન્યત્ર પચ્ચીસ જિનાલય બંધાયાં. દસ પગપાળા સંઘ, કેટલાંક જિનાલયોનો જિર્ણોદ્ધાર, પાઠશાળા, ઉપાશ્રયો, ધર્મશાળાઓનું નિર્માણ થયું તે અલગ. પાલિતાણામાં કેશવજી નાયકે ટૂંક બંધાવી, સમ્મેતશિખરમાં દેરીઓ બંધાઈ... ખરા અર્થમાં જાણે દશાઓનો સુવર્ણકાળ શરૂ થયો. એ સાથે જ જ્ઞાતિનું પ્રથમ સંમેલન ૧૯૪૭માં મુંબઈમાં, બીજું ૧૯૭૯માં હુબલીમાં અને ત્રીજું ૧૯૯૧માં ફરી મુંબઈમાં યોજાયું.

આપણી દશા ઓશવાલ જ્ઞાતિનાં કુળદેવી સચિયા માતા છે. સચિયા માતાજીનું પ્રાચીન મંદિર ઓસિયા ગામમાં મહાવીર મંદિરની બાજુમાં છે. આપણા કેટલાક પરિવાર ધણીબાવા અને વધારે કરીને ભલારાદાદાને કુળદેવતા માને છે. અને હા, અચલગચ્છની સ્થાપના વિક્રમ સંવત ૧૧૬૯માં આચાર્ય આર્યરક્ષિતસુરિસ્વરજીએ કરી હતી. ઓશવાલ કોમની ઉત્પત્તિમાં આચાર્યશ્રીનો ફાળો અત્યંત અગત્યનો રહ્યો હતો. કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ સ્થળાંતર, પરિવર્તન, પ્રાકૃતિક પરીક્ષા અને નવી જગ્યાએ વસીનેય વિરાટ સિદ્ધિ મેળવવાનો પડકાર બધું જોયું, ઝીલ્યું અને જાણ્યું છે. તેથી જ આજે આપણી જ્ઞાતિ દરેક સંજોગો વચ્ચે સતત પ્રગતિશીલ રહેવાનો દૃઢ નિર્ધાર ધરાવતી થઈ છે. જે જ્ઞાતિનો ઈતિહાસ આવો અદભુત હોય એનું ભવિષ્ય પણ અસાધારણ અને ઉત્તમ હશે એ વાત પણ સુનિશ્ચિત છે. ■

---

## An overview of our community

According to legend, those Rajputs who converted to Jainism and moved to Oshiyanagar near Jodhpur in Rajasthan, were called Oswals. Another belief links Oswals to South Rajasthan's city Bhinmal. Forced by Islamic invaders to leave the city, they traveled to the border Tharparkar and established Oshiyanagar.

There is no definite history available which throws light upon how and why our community people moved to Gujarat and its Kutch region. Whatever is known in this regard indicates that by 1650, Oswals had moved to Kutch in small groups.

Our community members were living in the Os region and so it was called Oswal. The tag of Mahajan was added to us when thousands of Kshatriyas converted to Jainism and also turned vegetarian for life. Around 1,84,000 families of 18 gotras followed this suit and they were later called Mahajan.

Regarding our migration to other places in Rajasthan and to other parts of the country, it is believed that Bhinmal was a rich and flourishing region in the eleventh century. Muslim invaders attacked it thrice in a short span of time, which forced Oswals to leave it and spread across the state.

The Oswals who were living in the Os region also had their tryst with destiny. Their migration to other places is credited to various reasons like a tiff with the local king, religious tortures and numerous draughts that hit the region.

Later, time once again forced our community people to move to other place when one Yati saw ill-practices followed by Jains living in the border regions and suggested them to migrate for their own good.

Jains, including Oswals, traveled and shifted their base to Pushkarna village in the Pokhran region. There they were supported by local Pushkarna Brahmins who protected Jains from chasing battalions of the king of Sindh region. Showing gratitude towards Brahmins, Jains conferred upon Pushkarna Brahmins the status of their community Brahmins. This tradition was followed until 1894 when the much talked about Rajgor case which split the community into two over the issue of giving the same status to the Brahmins from Mumbai.

There is no definite history available which throws light upon how and why our community people moved to Gujarat and its Kutch region. Whatever is known in this regard indicates that by 1650, Oswals had moved to Kutch in small groups. This had happened at the instructions of a Yatishri who also assured the Kutch ruler Shri Khengarji that his state would be benefited if hard working Oswal community were allowed to live there.

Many of our kulas and gotras were formed afterwards depending upon the places where they lived and what

The golden period for us on the economic progress front began from 1820. Since then, we have kept moving upwards on social and economic fronts and managed to maintain, a community which remained invariably intact under one Achalgachchh.

they faced in their lives. Then, an incident took place at a lunch organized at Vastupal-Tejpal. During the occasion, few differences cropped up over the issue of widow re-marriage and Oswals were split into two groups again. This gave birth to two communities, viz. Dasha Oswals and Visha Oswals.

Besides Kutch, our community members also went on to settle in Halar near Jamnagar too. In 1784, Jetshi Jivraj and Shamji Sarang of our community from Tera village in Kutch migrated to Mumbai. In 1819, Kutch was devastated by an earthquake which changed the course of Sindhu River and its water stopped flowing through the regions. This resulted in regular draughts and impoverishment in the whole region with leaving no choice for the Oswals but to migrate.

Soon, Mumbai became one of the most important places where our members lived in big numbers. Our community's most revered personality Narshi Natha also happened to come to Mumbai in 1801 from Kutch Nalia. The community made brisk progress in the city thanks to its sheer will to survive, growing business and community affection of Narshi Natha and the friendly network with other business communities of Mumbai.

The golden period for us on the economic progress front began from 1820. Since then, we have kept moving upwards on social and economic fronts and managed to maintain a community which remained invariably intact under one Achalgachchh. Add to that, we all have a common kuldevi Sachiya Mataji, whose ancient temple is located at Oshiya village near Mahavir temple. ■

While bitumen revolutionised roads.

# We revolutionised the way bitumen is.

TIKI TAR
INDUSTRIES


Established in the year 1964 and distinguished for its wide range of high quality bitumen products, Tiki Tar commands a strong market presence and an immense corporate trust reposed by its customers. Setting benchmarks for others in the industry, Tiki Tar's consummate engineering and stringent parameters render a product that's renowned for its impeccable quality and longevity. With an efficient Pan-India network, Tiki Tar's constant endeavour to expand and advance it's products makes it the best in bitumen.

**PRODUCTS LIST**

- Crumb Rubber Modified Bitumen
- Polymer Modified Bitumen
- Bitumen Emulsions
- Micro Surfacing Emulsion
- Modified Bitumen Emulsions
- Anti-stripping Agent
- Cut-Back Bitumen
- Expansion Joint Filler Boards
- Sealing Compound
- Bitumen Membranes and Primer
- Cold Mix Pot Hole Repairs
- Paving Grade Bitumen
- Customized Products

**Certification:**
ISO 9001 : 2000
ISO 17025 : 2005

Tiki Tar Industries India Limited
Village Road, Bhandup (W),
Mumbai-78, India.
Tel.: +91-22-25667831-36
Fax: +91-22-25667830
Email: tiki@tikitar.com
Web: www.tikitar.com

THE Raymond SHOP



Talaopali, Thane (W). Tel.: 2540 2244




Gokhale Rd, Thane (W). Tel.: 2540 0687

# સુખને શક્યતા નહીં, વાસ્તવિકતા બનાવીએ

## નયન ભેદા

**નેપ્ચ્યૂન ડેવલપર્સ લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર નયનભાઈ ભેદાએ તેમની ક્ષમતા અને આવડતને આધારે શૂન્યમાંથી સર્જન કર્યું છે. સતત પરિવર્તનને આવકારતા, નવા આઈડિયાઝ, નવી ટેકનૉલૉજી અને નવતર કાર્યપદ્ધતિની શોધમાં રહેતા કેડીઓ જ્ઞાતિના મુંબઈ મહાજનના પ્રમુખ પચરંગી પ્રતિભાના માલિક છે.**

આશરે દોઢેક વરસ પહેલાંની વાત. નેપ્ચ્યૂન ગ્રુપની અપાર જવાબદારીઓ માથે લઈ દેશ-દુનિયામાં ઊડાઊડ કરતા નયનભાઈનું મન ઠર્યું એક વાત પર, ''હવે જ્ઞાતિ માટે કશુંક નક્કર કરવાનો સમય આવી ગયો છે.'' બાળપણથી પોતાની જ્ઞાતિની પ્રવૃત્તિઓમાં જવાનું તો એમનું થતું જ. પછી યુવાવયે વિદ્યાર્થીસંઘ અને સર્વોદય મંડળના યુવાનો સાથે પણ કાર્યો કરેલાં જ. પણ જ્ઞાતિના મહાજન અને ટ્રસ્ટની પૂરી જવાબદારી માથે લેવાનું કામ નાનું નહોતું. સાથે હજારો કરોડનું વેપારી સામ્રાજ્ય તો ચલાવવાનું જ. અને હા, યુવાનીનો શ્રેષ્ઠ સમય પણ માણવાનો જ. એ બધા વચ્ચે નયનભાઈએ એક સદંતર નવો ચીલો ચાતર્યો. જ્ઞાતિમાંથી જ યુવાનોની ટીમ બનાવી અનંત યુવાશક્તિ પેનલ સર્જી અને મહાજન-ટ્રસ્ટની ચૂંટણીમાં ઝળહળતો વિજય મેળવ્યો.

**“ પહેલાં પિતાને નામે ઓળખાયો, આજે મારા વેપારી સાહસ નેપ્ચ્યૂનના નામે ઓળખાઉં છું. હવે પછી જો આખી જિંદગી મારે કોઈ રીતે ઓળખાવું છે તો એ છે કેડીઓ તરીકે, મારી જ્ઞાતિ કચ્છી દશા ઓશવાલના નામે દુનિયા મને ઓળખશે ત્યારે હું માનીશ કે મેં સૌથી મોટું કાર્ય સિદ્ધ કરી બતાવ્યું. ”**

''એ વિજય મહત્ત્વનો ખરો પણ એની સાથે જવાબદારી અને જ્ઞાતિનું ઋણ ઊતારવાનું દાયિત્વ ક્યાંય વધારે મહત્ત્વનું હતું,'' અત્યંત સ્પષ્ટ વિચારધારા ધરાવતા નયનભાઈ પૂરી નિખાલસતા સાથે જણાવે છે, ''મત કદાચ મમત અને વિનંતીથી મળી જાય પણ સૌનો વિશ્વાસ અને સાચી સરાહના તો ઉમદા કાર્ય કરવાથી જ મળે. ગયા વરસે પહેલી એપ્રિલે અનંત યુવાશક્તિએ જ્ઞાતિનું સુકાન હાથમાં લીધું ત્યારથી જે કાર્ય થયાં છે એને જ્ઞાતિનો ઉમળકાભેર પ્રતિસાદ મળ્યો એટલે હવે ખાતરી થઈ રહી છે કે જ્ઞાતિ માટે કશુંક કરો તો જ્ઞાતિનો સાથ ચોક્કસ મળે.''

અઢાર મહિનાની યાત્રા થઈ અનંત યુવાશક્તિની. આ સમયગાળામાં જે કાર્ય થયાં છે તેની સંખ્યા અને સફળતા જ્ઞાતિ માટે નોંધનીય છે. સવાલ એ પણ થાય છે કે આવા કાર્યદક્ષ સભ્યોવાળી અનંત યુવાશક્તિ પેનલ બની કઈ રીતે? માત્ર ખરું જ કહેવું અને કરવું તેવું દ્રઢપણે માનતા નયનભાઈનો જવાબ નવાઈ પમાડે તેવો છે, ''એક્ચ્યુલી પેનલ બની ત્યારે થોડા જણને હું થોડું, તો બીજા થોડાને થોડું વધુ ઓળખતો હતો. પાછું તેવું પણ નહોતું કે પૅનલના બધા જણ જ્ઞાતિનાં કે સમાજસેવાનાં કામ કરવાનો બહોળો અનુભવ ધરાવતા હતા. અમુક જણનાં ફૉર્મ્સ તો આગ્રહ કરીને ભરાવ્યાં હતાં. પણ જેવી પેનલ જીતી ગઈ, સૌ એક મંચ પર આવ્યા કે એક પ્રતીતિ દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ - સમાજે આપણા પર અપાર વિશ્વાસ રાખ્યો છે તો હવે કામ કરીને એને સાચો પાડી જ બતાવવો રહ્યો. પછી તો સમાજકાર્ય જ અમારો મંત્ર બની ગયો.''

આ સેવાનો પહેલો અને છેલ્લો આશય એટલે જ્ઞાતિની ઉન્નતિ. પણ પરિવાર અને વેપાર બેઉની જવાબદારી વચ્ચે ભીંસાતા હોઇએ ત્યાં વળી જ્ઞાતિનો વિચાર કરવાનો સમય કેવી રીતે મળી રહે? ''બધું આપણી માનસિકતા પર નિર્ભર હોય છે,'' નયનભાઈ ચોવીસ કેરેટ જેવી, લોજિકલ ચોખવટ કરે છે, ''આપણો પરિવાર માત્ર ચાર દીવાલ વચ્ચે નથી. જે જગ્યાએ આપણે નોકરી કે વેપાર કરીએ ત્યાંના લોકોને સાચા ભાવથી જાણો તો એ પણ આપણો પરિવાર છે. દિવસનો મોટો સમય કામકાજની જગ્યાએ પસાર કરનાર માટે ઑફિસ પણ ઘરથી દૂર એક ઘર જ ગણાય. બિલકુલ તેવી જ રીતે જ્ઞાતિ પણ આપણો બહોળો પરિવાર છે. આપણી જ્ઞાતિના તમામ લોકોના રીત-રિવાજ, રહેણીકરણી, પૂજાપાઠ અને તમામ પદ્ધતિ, બધું એકમેક જેવું જ. બસ, એટલે જો એકવાર હૈયાને આદત પાડો કે પરિવાર કે કામકાજના વિચાર જેટલી જ મહત્તા સમાજના વિચારને આપવી છે તો બધા રસ્તા આપોઆપ ખુલી જાય.''

અનંત યુવાશક્તિ થકી ટ્રસ્ટ અને મહાજનમાં ચુંટાઈ આવનારા દરેક જણે આ સિદ્ધાંત અપનાવી લીધો. નવાં કાર્ય આરંભ્યાં, જૂનાં કાર્ય આગળ ધપાવ્યાં. નવી સમિતિઓ સર્જી અને વિવિધ પ્રવૃત્તિઓને નવી દિશા દીધી. પરિણામ દેખીતું છે. હવે જ્ઞાતિનો કાર્યક્રમ જાહેર થતાંની સાથે એમાં સહભાગી થવા સૌ જ્ઞાતિજનો હોંશભેર આગળ આવે છે. આટઆટલાં કામ ટૂંકા સમયગાળામાં કરી બતાવવા પાછળનું રહસ્ય પણ જાણવા જેવું છે, ''માણસ નામ અથવા આર્થિક લાભ માટે કામ કરે તેમાં કશેક એનો સ્વાર્થ હોય. પણ માણસ જે કામ નિઃસ્વાર્થભાવે કરે એ બધાથી નોખું તરી આવે. એવા કામને સફળ કરવા સ્વયં ભગવાન પ્રેરણા, સાધન અને શક્તિ આપે,'' આખી જ્ઞાતિને સમર્પિત થવાની સાચી ભાવનાનો પડઘો પાડતાં નયનભાઈ મુદ્દાની વાત જણાવે છે.



**“ હજી તો ચાલીસી આંબવાથી આઘા છે નયન ભેદા, પણ પિતા અશોકભાઈ અને માતા પદમાબહેનના સંસ્કારની જ આ જાદુઈ અસર છે કે ઔદ્યોગિકક્ષેત્રે અપ્રતિમ સફળતા મળવા છતાં આ યુવાન કહે છે, સફળતા તો ત્યારે મળી કહેવાશે જ્યારે જ્ઞાતિના અસંખ્ય યુવાનો સફળતાની ઝળહળતી ગાથા લખશે. ”**

આપણી કેડીઓ જ્ઞાતિની વસતિ નાની. એમાં વળી જ્ઞાતિના વીરલાઓમાં નયનભાઈ જેવી સફળતા મેળવનારા સાવ ઓછા. આવી સફળતા જ્ઞાતિના વધુ ને વધુ લોકો મેળવે તો ચમત્કાર થઈને જ રહે. સફળતા માટે શિક્ષણ જોઈએ અને પૈસાની મહત્તા સમજતું માનસ પણ. નયનભાઈ પાસે શિક્ષણ અને પૈસાના મહત્ત્વ વિશેની મનનીય વાત સાંભળવા જેવી છે, ‘‘કેડીઓ જ્ઞાતિના દરેકેદરેક પરિવારમાં ઓછામાં ઓછું એક જણ તો પૉસ્ટ ગ્રેજ્યુએટ હોવું જ જોઈએ. ભણતરથી બધી સમસ્યાઓનું સમાધાન નીકળી શકે છે. જ્ઞાતિ સુશિક્ષિત થશે તો સંપન્ન થવાની જ. આ લક્ષ્ય આપણે સૌથી પહેલાં સાધવાનું છે. જ્ઞાતિ પછી આપણે આ કાર્ય આખા દેશ સુધી પહોંચે તે માટે કમર કસવાની છે.’’


સાથે જ, પૈસાની મહત્તા વિશે પણ એમની પાસે ખૂબ જ મનનીય મુદ્દો છે. મુદ્દો શાનો, પૈસાની વાત નીકળતાં તેઓ પોતે જ આપેલી અગ્નિપરીક્ષા વિશે જણાવે છે, ‘‘૧૯૯૯માં મુલુંડના નિર્મલ નગરમાં મેં અને મિત્રોએ નવરાત્રિનું આયોજન કરેલું. નવરાત્રિના એક જ દિવસ પહેલાં એવો વરસાદ પડ્યો કે ના પૂછો વાત. પાંત્રીસ લાખનું રોકાણ કર્યા પછી પહેલા જ નોરતે નુકસાનીના ખાડામાં ખૂંપી જશું એવો ભય મને ઘેરી વળ્યો. જિંદગીમાં એ વખતે પહેલીવાર હું મનથી ભાંગી પડ્યો હતો. પણ એ વખતે મારા મિત્ર, અને હવે મારા પાર્ટનર, સચીન દેશમુખે સધિયારો દેતાં કહ્યું, ‘‘ચિંતા છોડ. બહુ બહુ તો શું થશે, પંદર-વીસ લાખનું નુકસાન? હું બેઠો છુંને નુકસાન વેઠી લેવા?’’ એના શબ્દોએ મને જિગર આપ્યું. અમે નવરાત્રિ આગળ ધપાવી. સદનસીબે ના નફો, ના નુકસાન ધોરણે બધું પતી ગયું પણ એક અફર સત્ય ત્યારે જ હું શીખી ગયો, પૈસાની મહત્તાનું સત્ય. મને સાંત્વન દેનાર મિત્ર પાસે પૈસા હતા તેથી એ મારો ટેકો બન્યો. એની પાસે પૈસા ના હોત તો શું થાત? તેથી જ હું પૈસાને હાથનો મેલ નથી ગણતો. માણસે પૈસા કમાવા જ જોઈએ. એટલું યાદ રહે કે પૈસા આવ્યા પછી પણ વિચાર સમતોલ રહેવા જોઈએ અને ગુમાન તો બિલકુલ ના આવવું જોઈએ. વત્તા, જેને પૈસા કમાવાની સાથે પૈસા વાપરીને સારાં કામ કરતા આવડી જાય એ સાચો અને શ્રેષ્ઠ માણસ છે.’’

પૈસા થકી ઉઘડતી શક્યતાઓ વિશે સૌ જાણે છે. તેજસ્વી વિદ્યાર્થી વિદેશ જઈ ડિગ્રી મેળવવા ઈચ્છે તો એના માટે પૈસા જોઈએ. કોઈક ગંભીર માંદગીનો ઈલાજ કરવા માટે પણ પૈસા જોઈએ. ઘર ખરીદવા પણ પૈસા જોઈએ અને લગ્ન કરવાય પૈસા જોઈએ. પૈસાની અનંત આધારશક્તિને જાણવાને લીધે જ પરિશ્રમ અને પ્રમાણિકતા થકી ધન કમાવામાં માનતા નયનભાઈએ એક નિશ્ચય કર્યો છે, ‘‘જ્ઞાતિ માટે એક એવું મૅગા ફન્ડ ઊભું કરવું જેનાથી કોઈપણ કેડીઓ પર આવતી ગમે તે આર્થિક તકલીફ દૂર થઈ શકે. પૈસાની તંગી કોઈ કેડીઓને સુખ, સમૃદ્ધિ









અને પ્રગતિના પંથે આગળ વધતા હવે પછી રોકી શકવી જોઇએ નહીં. કેશ જો કિંગ છે તો કેડીઓ જ્ઞાતિ માટે આ ભંડોળ કિંગમેકર હશે. એમાં એવી જોગવાઈ હશે કે ભંડોળની મુદ્દલને કોઈ સ્પર્શી ના શકે. એનું જે વ્યાજ આવે તેમાંથી જ્ઞાતિના દરેક જરૂરિયાતમંદ માણસના મોટાભાગના પ્રશ્નનું નિવારણ થઈ જાય. આ ભંડોળ ઊભું કરવા પાછળનો ઉદેશ એ છે કે પૈસાની ચિંતા કોઈ કેડીઓને વિકસતા રોકી શકે નહીં.''

વિચાર ઉમદા છે એ પાકું, પણ એટલું જંગી ભંડોળ ઊભું કરવાનું કામ આસાન તો નથી જ. દરેક કામ પાકી યોજના સાથે પાર પાડવાની અસાધારણ ક્ષમતા ધરાવતા નયનભાઈ અહીં ખૂબ જ સમજદારીભરી અને આખી જ્ઞાતિના હિતની વાત કરે છે, ''આસાન કામ નથી પણ એકવાર પાર પડશે તો આખી જ્ઞાતિની જિંદગી આસાન થઈ જશે કે નહીં? આ ભંડોળ ઊભું કરવા જે કરવું પડે એ આપણે સાથે મળીને કરવા માંડીએ. જ્ઞાતિની પ્રૉપર્ટીઝનું રિડેવલપમેન્ટ કરીને એના પૈસા ભંડોળમાં ઠાલવીએ. જ્ઞાતિના સોનેરી ભવિષ્ય માટે આ કામ કરવાનું છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, ઘર, લઘુ ઉદ્યોગ શરૂ કરવા માટે લૉન, જરૂરિયાતમંદ વડીલોને સાચવવા માટેના ખર્ચ... કેડીઓની દરેક તકલીફનો જવાબ આ ભંડોળ બનશે.'' પછી જરાક શ્વાસ લઈને તેઓ એક મુદ્દો રજૂ કરે છે, ''દાયકાઓ પહેલાં જ્ઞાતિના વડવાઓએ મુંબઈમાં વિશાળ જગ્યાઓ શા માટે લીધી? મકાનો શા માટે બાંધ્યાં? તેમની ઇચ્છા હતી કે કચ્છથી બે પાંદડે થવા મુંબઈ આવનાર કેડીઓને પરગામમાં પણ મલકના માયાળુ માનવીઓનો આડોશપાડોશ મળે, સાથ મળે, વાટકી-વ્યવહાર ચાલતો રહે અને સુખે-દુઃખે સૌ કેડીઓ સાથે રહે. એમના એ પગલાથી હજારો કેડીઓ મુંબઈ આવી શકયા, રહી શકયા અને સૅટલ થઈ શકયા. આજે સમય બદલાયો છે. આજે આપણી પાસે પૂર્વજોની પ્રૉપર્ટી સાથે જ અસંખ્ય સાધારણ અને મધ્યમવર્ગીય કેડીઓ પરિવાર પણ છે. પૂર્વજોની આ પ્રૉપર્ટીનો લાભ ટ્રસ્ટ કે મહાજન કે એ જગ્યામાં રહેતા ભાડૂતોને નહીં પણ આખી જ્ઞાતિને સમાન રીતે મળવો જોઇએ. આ પ્રૉપર્ટીના રિડેવલેપમેન્ટ થકી ભંડોળ ઊભું કરી દરેક કેડીઓને આર્થિક-સામાજિક ધોરણે સમાન પ્રગતિ સાધવાની તક આપવી એ આપણી નૈતિક ફરજ છે. આ કામમાં મોડું કરવું પાલવે તેમ નથી, કારણ કે જેટલું મોડું કરશું તેટલું મોડું જ્ઞાતિના સર્વાંગી વિકાસમાં થશે.''

આખી જ્ઞાતિની સમૂળગી કાયાપલટ કરવાનું બીડું ઝડપનાર પહેલી જ્ઞાતિ કેડીઓ નથી. ખૂબ જ અભ્યાસ કરીને પછી જ મંતવ્ય મૂકવામાં માનતા નયનભાઈ જાણવા જેવી વાત કરે છે, ''પારસી, ખોજા અને બોરી પ્રજાએ તેમના આગેવાનોની દીર્ઘદૃષ્ટિ થકી સમગ્ર જ્ઞાતિનું સુખી જીવન સુનિશ્ચિત કર્યું છે. આપણે પણ આ દિશામાં આગેકૂચ કરવાની છે. અત્યારે વૈચારિક અને પાયાનું કામ શરૂ થયું છે. હવે જેટલી પ્રબળતાથી જ્ઞાતિજનો એક થશે તેટલી ઝડપથી આ કામ સાકાર થશે, જે વાસ્તવમાં તો આખી જ્ઞાતિનું સૌથી વિરાટ સપનું કહેવાય.'' નયનભાઈના આ નિર્ધાર પાછળની ઈચ્છા પણ પારદર્શક છે, ''મારો સંકલ્પ છે કે સમગ્ર જ્ઞાતિનો વિકાસ થવો જ જોઈએ. યુવાશક્તિના સાથથી, આપણી પાસે ઉપલબ્ધ સાધનથી, જ્ઞાનથી અને જ્ઞાતિને સર્વોચ્ચ શિખરે લઈ જવાના પરમ નિર્ધારથી આપણે દશાઓની નવી દિશા કંડારીએ. એ પણ એવી કંડારીએ કે આખી દુનિયા કહે, ભવ મળે તો કેડીઓનો જ મળે!''
આ વિચાર સાથે સહમત ના થાય તેવો એકપણ કેડીઓ હોઈ શકે નહીં. બસ તો પછી, તમે પણ તૈયાર થઈ જાવ કારણ કે હવે પછી આપણી જ્ઞાતિ પાસે બધું હશે, સુખ, સમૃદ્ધિ અને શાંતિ પણ. ■

---

## Nayan Bheda
### Happiness By Will, Not By Wish

"First, I was known as my father's son, then the world started knowing me for by business enterprise Neptune group. But if you ask me how I would like to be known for the rest of my life, I would say I want the world to know me as a KDO, a man who belongs to Shri Kutchi Dasha Oswal community. Only then, I would feel that I have accomplished the biggest task of life."

Nayan Bheda, president of our community's Mahajan and Trust, is a man who not only knows how to progress, but he also knows how to make others progressive. And following the saying that charity begins at home, he decided to devote himself to the community work at a young age of just 38 by setting up the Anant Yuvashakti Panel and won the community elections to change its face forever. This is nothing less than following what Mahatma Gandhi said, "Be the change you want to see in the world."

Interestingly, the AYS Panel, which is already doing outstanding work for the community since it took over reigns one and a half years back, was formed by chance! Says Nayanbhai, "Though I knew a few members of the Panel before we fought together for a cause, I really did not know even a bit about the others before we became a team. Not only that, many of our Panel members had very less or zero experience of doing welfare work. But together, we shared the common vision and wish of contributing our time, energy, money and mind for changing the community for better. And that's what has played the role of a catalyst for us, all the time."

The only goal the Panel had set for itself was of progress of the community. But how does he find time from his extremely hectic schedule of managing such a big business

empire and family for the community? "Let us not believe that our family is confined to the four walls of a place called our house. We all have a family to look after at our workplace too, because we spend an equally major part of our day there. Our community is our bigger, extended family and once you start feeling this way, you don't need to take out time for it, but time simply finds its way for the community work too," says he.

The growing participation of community members in every new programme conducted by the Mahajan is the proof of the fact that the new office bearers are truly moving in the right direction in their mission. Nayanbhai believes that it is happening because the entire AYS Panel is working selflessly for the community and that feeling is reflecting in the support it is getting in all its activities.



Unlike many who believe that money is not an important thing to live happily, Nayanbhai strongly feels otherwise, "To succeed in life, one needs to be educated and also a mind which respects the importance money holds in life. One cannot do charity without money and so, earning money is an inevitable task one has to accomplish. I strongly believe that we need to make sure that every KDO family has at least one post graduate member who can bring its fortune forever. Then, we need to create hundreds and thousands of economically successful KDOs to make sure that no social, charitable or religious work ever gets hindered due to lack of money."

The man who has made it big in life starting as humbly as any of us is now focusing on creating one of the largest ever fund created by any community in India, so that the KDO community members never ever feel deprived of money to meet any challenge in life, "The interest earned on this fund will solely take care of educational, social, personal, medical and other issues faced by KDOs in their lives. Though this task is a mammoth one but I believe that where there is a will, there is a way. We as the Mahajan have already initiated numerous steps for meeting this challenge. Now, we have to take up the redevelopment work of the community property for speeding it up. After all, the community properties are the properties of each and every KDO and every needy community member should get benefit of it for living stressful life. It is our collective responsibility to look after KDO families who are not as well off as others. Delaying this job will only result in delay of the complete progress of the community so, let us be united and have consensus in making it happen at the soonest."

Finally, he cites few very simple yet extraordinary examples why KDOs should do it immediately, "Just look at what Parsi, Khoja and Bori communities have achieved by staying together under their able and visionary leaders. If they can do it, we too can do it. The only thing we need to do it is will and unity, and I have complete faith in my community that it will do miracle and become one of the most advanced, progressive community in India." ■



શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલીતાણા-પંચતીર્થી
ગિરનાર-સોમનાથ
કચ્છ પંચતીર્થી
જગન્નાથપુરી-કોનાર્ક-ભુવનેશ્વર
નાગેશ્વર-એમ.પી.
પુના-કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી-હૈદરાબાદ
ચારધામ-બદ્રી-કેદાર-ગંગોત્રી-યમનોત્રી
કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાખ-કાશ્મીર
દાર્જીલીંગ-સિક્કીમ
હિમાચલ
ઉતરાંચલ
કેરાલા
સાઉથ
રાજસ્થાન
આંદામાન-નિકોબાર
નેપાલ-ભૂતાન
ફાર ઈસ્ટ
થાઈલેન્ડ
મલેશિયા
સીંગાપુર
મોરેશ્યસ

અત્યાધુનિક યુગના
**‘શ્રવણ’**
ચેતન મોતા સંગાથે
કોઈપણ ‘ડેસ્ટીનેશન’ માં
જોડાઓ...

મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ
પ્રેઝનટેશન સાથેની...
**‘સંપુર્ણ પેકેજ’**

ભારતભરના તમામ યાત્રા
તેમજ ગીરીમથકો માટે
વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ
કે અમારા બારે માસ ચાલતા
આયોજીત
**ફેમીલી/હનીમુન પ્રવાસોમાં**
બધી જ અત્યાધુનિક
સગવડતાઓ સાથે...



**tmt® holydays**
*Landmark for package tour*

206, Uptown, Neptune,
N. S. Road, Mulund (W),
Mumbai-400 080.
Tel. : 2593 4545 / 2568 3231
2565 0533 / Fax 2565 3412

Shop No. 9, Hemu Plaza,
D. J. Road, Vile Parle (W),
Mumbai - 400 056.
Tel. : 2612 1062, 2612 2770

www.tmtholydays.in • tmtholydays@yahoo.co.in

# જ્ઞાતિના ગર્વીલા વિશ્વમાનવી

# કમલેશ વિકમશી

**૧૯૬૭ની સાલમાં દસમા ધોરણમાં ૭૬ ટકા ગુણ મેળવ્યા પછી પણ ડૉક્ટર કે એન્જિનિયર બનવાને બદલે કૉમર્સ સ્ટ્રીમને પસંદ કરનારા કમલેશ શિવજી વિકમસી દેશમાં વિવિધ પદો શોભાવીને છેક સંયુકત રાષ્ટ્રસંઘની સંચાલન સમિતિમાં આંતરરાષ્ટ્રીય નિષ્ણાત તરીકે સ્થાન પામ્યા છે. આ સ્થાને પહોંચેલા પ્રથમ ભારતીય કમલેશભાઈએ બીજી પણ ઘણી સિદ્ધિ મેળવી છે.**

વાત છે ૧૯૬૭ની. એસએસસીનું પરિણામ હજી તો જાહેર જ થયું હતું. દાદર પારસી યુથ એસેમ્બલી હાઈસ્કૂલમાં ભણતા એક સામાન્ય વિદ્યાર્થીને એ પરીક્ષામાં ૭૬ ટકા મળ્યા હતા. આ એ સમયની વાત છે જ્યારે બૉર્ડની પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ આવવો પણ ઘણું સારું કહેવાતું. એમાંય ડિસ્ટિંક્શન આવે, એટલે કે ૭૦ ટકાથી વધુ માર્કસ આવે, એ તો ખૂબ મોટી સિદ્ધિ ગણાતી. સ્કૂલના પ્રિન્સિપાલે ૭૬ ટકા લાવનાર વિદ્યાર્થીને ઑફિસમાં બોલાવીને ખૂબ અભિનંદન આપ્યા. પછી પૂછ્યું, ''હવે ડૉક્ટર બનવું છે કે એન્જિનિયર?'' વિદ્યાર્થીએ કહ્યું, '' મારે તો વાણિજ્ય શાખામાં (કૉમર્સ) જવું છે!'' માનવામાં ન આવે એવી વાત સાંભળીને પ્રિન્સિપાલ આશ્ચર્ય સાથે વિદ્યાર્થી સામે તાકી રહ્યા. આશ્ચર્યનું કારણ પણ વાજબી હતું. એ સમયે એસએસસીમાં ૭૦ ટકાથી વધુ ટકા મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ તો ડૉક્ટર્સ કે એન્જિનિયર્સ જ બનતા. એના માટે વિજ્ઞાન અર્થાત્ સાયન્સ સ્ટ્રીમમાં જ એડમિશન લેતા. પણ આ પ્રતિભાશાળી વિદ્યાર્થીની તો વાત જ નોખી હતી. એ તો એના પિતાને પગલે ચાલીને ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ (સી. એ.) બન્યો. વાત આટલેથી અટકતી નથી. વખત જતાં એ વિદ્યાર્થીએ સમગ્ર દેશના ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ્સના ઍસોસિયેશનનું પ્રમુખપદ પણ શોભાવ્યું અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કૉન્ફેડરેશન ઑફ એશિયન એન્ડ પૅસિફિક અકાઉન્ટન્ટ્સનું (સી. એ. પી. એ.) પ્રમુખપદ શોભાવનાર પ્રથમ ભારતીય બન્યો.

૧૯૬૭માં જમાનાથી જુદો ચીલો ચાતરનાર, કૉમર્સ ક્ષેત્રની પસંદગી કરનાર અને આગળ જતાં સફળતા અને સિદ્ધિનાં શિખર એકધારાં સરકરનાર એ વિદ્યાર્થી એટલે જ આપણી કેડીઓ જ્ઞાતિના સન્માનનીય સભ્ય કમલેશ શિવજી વિકમશી.

મૂળ રાણપરના વતની કમલેશભાઈનો જન્મ, બાળપણ ને ભણતર બધું મુંબઈમાં જ. બી. કોમ., સી. એ. અને ગવર્નમેન્ટ કમર્શિયલ ડિપ્લોમા (જી. ડી. સી.) જેવી ડિગ્રીઓ મેળવ્યા પછી તેમણે કાકાની કંપની ખીમજી કુંવરજી એન્ડ કંપનીમાં પ્રૅક્ટિસ શરૂ કરી. પિતા શિવજીભાઈ પોતે પણ સી. એ. અને કમલેશભાઈ કારકિર્દીમાં પિતાજીના નક્શેકદમ પર ચાલ્યા. સાથે સાથે પિતાજીએ શીખવેલા આદર્શોને પણ સુપેરે આત્મસાત કર્યા. પ્રમાણિકતા, સાદગી અને નીતિમય જીવનના આગ્રહી એવા પિતા શિવજીભાઈનાં જીવનમૂલ્યોને અપનાવીને કમલેશભાઈ એક પછી એક સફળતાનાં, સિદ્ધિઓનાં સોપાનો સર કરતા ગયા.

અવી જ એક સિદ્ધિ એટલે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયાનું (આઈ. સી. એ. આઈ.) પ્રમુખપદ. સી. એ.ના અભ્યાસના અવિભાજ્ય અંગ સમાન આર્ટિકલશિપથી માંડીને આઈ. સી. એ. આઈ. દેશમાં સી. એ.ની પરીક્ષા, અકાઉન્ટિંગ, ઑડિટિંગ અને તેના નીતિ-નિયમો, કાયદા... બદાનું નિયમન કરે અને વખતોવખત તેમાં ફેરબદલ કરવાની સત્તાનો રાષ્ટ્રલક્ષી ઉપયોગ કરીને અકાઉન્ટિંગને સમય સાથે તાલ મિલાવવામાં મદદ પણ કરે. સંસદીય ઍક્ટ હેઠળ સર્જાયેલી આ પ્રતિષ્ઠિત સંસ્થાના સેન્ટ્રલ કાઉન્સિલના સભ્ય તરીકે ૧૯૯૮માં તેઓ ચૂંટાયા. ૨૦૦૪માં ઉપપ્રમુખપદે પહોંચ્યા અને ૨૦૦૫માં પ્રમુખ

> **“પ્રમાણિકતા, સાદગી અને નીતિમય જીવનના આગ્રહી એવા પિતા શિવજીભાઈનાં જીવનમૂલ્યોને સ્વીકારીને કમલેશભાઈ કારકિર્દીની કેડી પર પણ એ આદર્શોને અનુસરતા ગયા અને એક પછી એક સફળતાનાં, સિદ્ધિઓનાં સોપાનો સર કરતા ગયા.”**

બન્યા. આ પદ પર પહોંચનાર કમલેશભાઈ પ્રથમ કચ્છી બન્યા અને આટલું પ્રતિષ્ઠિત પદ તેમણે માત્ર ૪૫ વર્ષની વયે મેળવ્યું એ વળી એમની સિદ્ધિ માટે યશકલગી જેવી જ વાત ગણાય.

૨૦૦૫નું વરસ બીજી એક સિદ્ધિ થકી પણ કમલેશભાઈ માટે ખૂબ મહત્ત્વનું રહ્યું. એ વરસે જ તેઓ કૉન્ફેડરેશન ઑફ એશિયન એન્ડ પૅસિફિક અકાઉન્ટન્ટ્સના (સી. એ. પી. એ.) બૉર્ડ મેમ્બર બન્યા. ન્યૂ યૉર્ક સ્થિત ઇન્ટરનેશનલ ફૅડરેશન ઑફ અકાઉન્ટન્ટ્સના પણ બૉર્ડ મેમ્બર બન્યા. બાવીસ સભ્યના બૉર્ડમાં તેમણે ત્રણ વર્ષ સુધી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી જનરલ કોફી અન્નાને આ કચ્છી રત્નનું હીર પારખી લીધું અને તેમને યુનોની સંચાલન



સમિતિના આંતરરાષ્ટ્રીય નિષ્ણાત તરીકે નિયુક્ત કર્યા. જુદા જુદા દેશોના પાંચ સભ્યોની આ સમિતિએ ચાર મહિનાના અભ્યાસ બાદ યુનોને તેના માળખામાં જરૂરી ફેરફારો સૂચવતો રિપોર્ટ સુપરત કર્યો જેના આધારે યુનોના સ્ટ્રક્ચરમાં સુધારાઓ થઈ રહ્યા છે.

૨૦૦૭માં તેઓ સી. એ. પી. એ.ના પ્રમુખ બન્યા. આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પદે પહોંચનાર પ્રથમ ભારતીય પણ કમલેશભાઈ જ છે. ઉપરાંત તેઓ યુનો સંલગ્ન સંસ્થા યુનાઇટેડ નેશન્સ ડૅવલપમેન્ટ પ્રૉગ્રામ, જે વિશ્વલક્ષી ભવિષ્યની યોજનાઓ પર કામ કરે છે, એની ઑડિટ એડવાઇઝરી કમિટીના પણ સભ્ય છે. આ સમિતિના સભ્ય બનનાર પણ તેઓ પ્રથમ જ ભારતીય છે. પાંચ સભ્યોની આ સમિતિના સભ્ય તરીકે તેમની નિમણૂક ૨૦૧૦માં થઈ. હાલ પણ તેઓ આ પદ પર રહીને નાણાકીય બાબતો, જોખમો, સંચાલન, ઑડિટ, નીતિ-ધોરણો વગેરે અનેકવિધ બાબતોના સલાહકાર તરીકેની કામગીરી ઉત્કૃષ્ટપણે કરી રહ્યા છે.

નવનીત પબ્લિકેશન, ટી. બી. ઝેડ., રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, મન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, આદિત્ય બિરલા ગ્રુપની રિટેઇલ સ્ટોર્સની ચૅઇન મૉર જેવાં અનેક કૉર્પોરેટ હાઉસના બોર્ડ ઑફ ડિરેક્ટર તરીકે તેમણે સેવા આપી છે અથવા હાલમાં પણ આપી રહ્યા છે. ભારત સરકારનાં સંસ્થાન રિઝર્વ બૅન્ક, સ્ટેટ બૅન્ક, ઇન્શ્યોરન્સ રૅગ્યુલેટરી એન્ડ ડૅવલપમેન્ટ ઑથોરિટી વગેરેમાં પણ તેઓ અત્યંત મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર રહી ચૂક્યા છે. અને તેઓ ઈન્કમ ટૅક્સ વિભાગના સર્વોચ્ચ વિભાગ સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટૅક્સીસના કમિટી મૅમ્બર પણ બન્યા.

તેમના કાર્યકાળ દરમિયાન આઈ. સી. એ. આઈ.ના પ્રમુખ તરીકે તેમણે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ એમેન્ડમેન્ટ એક્ટ માટે જે કામગીરી કરી તે બેજોડ પુરવાર થઈ. એવી કે આઈ. સી. એ. આઈ.ની સત્તા અને તેનું સન્માન બેઉ જાળવી રાખવા ઉપરાંત, તેની મહત્તાને અકબંધ રાખવામાં સંસ્થાને જે સફળતા મળી તેનો શ્રેય દેશના હજારો સી. એ. અને ઉદ્યોગપતિઓ કમલેશભાઈને આપે છે. આટલાં બધાં કાર્યો કરવાની સાથે આઈ. સી. એ. આઈ.ને વિશ્વ સ્તરે ખ્યાતિ અને આદર બેઉ અપાવવામાં તેમણે કરેલું યોગદાન પણ ઉમેરવું જ પડે.

સામાન્ય રીતે એક જ પરિવારની બે વ્યક્તિ એક જ ક્ષેત્રમાં કામ કરતી હોય તો ઘણીવાર બિઝનેસમાં આંતરિક સ્પર્ધા સર્જાવાની પૂરી શક્યતા રહે. વિકમશી પરિવારમાં જો કે કમલેશભાઈ, તેમના પિતા, બે ભાઈઓ કેતનભાઈ અને નીલેશભાઈ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ હોવાથી સ્પર્ધાને બદલે સાયુજ્ય અને સાથે વિકસવાની પરમ લાગણીનો જ કાયમ ગુણાકાર થતો રહ્યો છે. ઓછામાં પૂરું, પરિવારની બહારની પણ કોઈ વ્યક્તિ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ થવા ઇચ્છે તો તેને કમલેશભાઈ પ્રોત્સાહિત પણ કરે છે અને તેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

સિદ્ધિઓ જેમને ડગલે ને પગલે જેમને જાતે આવીને મળે છે તેવા કમલેશભાઈ સ્વભાવે એકદમ સાલસ અને સરળ છે. જીવનમાં મોટી મહત્ત્વકાંક્ષાઓ રાખ્યા વગર સરળતા રાખવી એ તેમનો નૈસર્ગિક ગુણ છે. મૂળે તેઓ એક એવા વ્યક્તિત્વના માલિક છે જેના માટે આપણે કેડીઓ તરીકે ગર્વ લઈ શકીએ છીએ અને જેના માટે આખો દેશ ગૌરવ અનુભવી શકે છે. ■

---

## Kamlesh Vikamsey
### Man of perfection and vision

In 1967, Kamleshbhai passed his SSC exams with flaring marks, scoring distinction with 76%. His teacher asked him which education stream he would like to pursue for a career. Unlike most toppers of his time, he said confidently that he would take up the commerce stream and not science and become, maybe, a doctor or an engineer. The same Kamleshbhai later went on to become one of the top




chartered accountants of the country and also served as the president of its august body The Institute of Chartered Accountants of India (ICAI).

The first ever Kutchi to achieve such a feat, Kamleshbhai has also made us proud by attaining highest positions in his field on the global arena too. He was president of the Confederation of Asian and Pacific Accountants (CAPA) (2007-2009). He was a member of Steering Committee of United Nations for Comprehensive Review of Governance and Oversight within the United Nations, and its funds, programme and specialized agencies, appointed by then Secretary General of United Nations Mr. Kofi Annan (2006). Currently, he is a member of Audit Advisory Committee of the United Nations Development Programme (UNDP), New York.

He belongs to a family which has an illustrious history of having chartered accountants since three generations. Kamleshbhai's outstanding qualities include his humility, honesty and straightforwardness. His father, Shivjibhai Vikamsey has perfectly moulded Kamleshbhai and his brothers Ketanbhai and Nileshbhai into rare human beings who are always the best in everything, be it profession, personal life or social works.

We as KDO really feel proud for having such an outstanding person among us.■

**The first ever Kutchi to achieve such a feat, Kamleshbhai has also made us proud by attaining highest positions in his field on the global arena too.**






# THERE IS A REASON WHY WE CALL OURSELVES THE MAGNET MALL.

World's 1st Mall with 2 of the top 3 retailers.

India's 1st Mall to have 4 themed atriums.

India's 1st Mall to have 1 B2B and 1 B2C hypermarket.

India's 1st Mall to have a two level food court with 58 ft. height.

India's 1st Mall to have 60,000 sq. ft. indoor Family Entertainment Centre with rides.

India's 1st Family Entertainment Centre with a teen zone.

India's 1st Mall with a real ice skating rink in the Family Entertainment Centre.

India's 1st Mall with an indoor 35 ft. drop down tower.

India's 1st Mall to have a dedicated floor for mini-anchors.

India's 1st Mall with 17,000 sq. ft. of columnless banquet hall.

Mumbai's 1st Mall with a 10-screen multiplex (Movie Time).

Mumbai's 1st Mall to have Easyday hypermarket.

OPENING SOON

NEPTUNE magnet mall
L.B.S. Marg, Bhandup (W), Mumbai - 400 078.







Actual Mall Pictures

METRO
Cash & Carry India

easyday hyper

NOW OPEN

With so many firsts', **Neptune Magnet Mall**, is bound to create a better LIFESTYLE of the CITY, thereby changing the way you greet, meet, eat, entertain & shop. **Neptune Magnet Mall**, is getting ready to be dressed to become the Mall where you will connect to yourself, because at Neptune we believe to be "yours, in every sense". This Mall is going to create challenging bench-marks for all future malls in the country.

**NEPTUNE GROUP**, Karma Stambh, Opp. MTNL Office
L.B.S. Road, Vikhroli (W), Mumbai - 400 083
• Tel. No.: 022 6777 0600 • Fax: 022 6777 0640

NEPTUNE
Yours. in every sense.
www.neptunegroup.in

# રક્તવાહિનીમાં વહે સમાજસેવા

# કુલીનકાંતભાઈ લુઠિયા

**કુલીનકાંત ચાંપશી લુઠિયા તેમની જાતને ભુલાવીને લોકોનાં દુઃખ-દર્દ દૂર કરવામાં એટલી હદે ઓતપ્રોત થયેલા છે કે તેમને સમાજસેવાની મોબાઈલ ગાઈડ કહેવા પડે. ડબલ ગોલ્ડમેડલ સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલો આ માણસ ધીકતી પ્રૅક્ટિસ છોડીને છેલ્લાં ૨૬ વર્ષથી સમાજસેવા શા માટે કરે છે, તે જાણવા જેવું છે.**

ઘઉંવર્ણો ચહેરો, તેજસ્વી ચહેરા પર કાયમ રમતું સ્મિત, હેત વહાવતી પાણીદાર આંખો, વાતમાં અને વર્તનમાં સંસ્કાર, વિનમ્રતા તથા મધુરતા. આ બધું જે એક જણમાં છે તે છે કુલીનકાંત ચાંપશી લુઠિયા.

કુલીનકાંતભાઈ પોતાની જાતને ભુલાવીને લોકોનાં દુઃખ-દર્દ દૂર કરવામાં એટલી હદે ઓતપ્રોત થઈ ગયા છે કે તેમને સમાજસેવાની મોબાઈલ ગાઈડ કહેવા પડે. સવારે છ વાગ્યે, બપોરે બાર વાગ્યે કે કે રાત્રે ત્રણ વાગ્યે, ચોવીસેય કલાકમાં તેમના મોબાઈલ (નંબરઃ ૯૮૨૦૦ ૩૯૪૬૯) પર ગમે ત્યારે ફોન કરશો તો આવકારના સ્વરમાં 'નમસ્તે' સાંભળવા મળશે. દુખિયારાઓની મદદ કરવા તેઓ ત્વરા સાથે હાજર થઈ જાય છે. સમાજસેવાનું એકેય કામ તેમના કાર્યક્ષેત્રની બહાર નથી.


ખાદીનો શ્વેત ઝભ્ભો અને લેંઘો, ખભા પર લાલ રંગનો બગલથેલો અને ચહેરા પર નિતાંત શાંતિ તથા કરુણા એ કુલીનભાઈની ઓળખ બની ગયાં છે. ૧૩, જુલાઈ ૧૯૯૧ના દિવસે તેમણે સ્થાપેલી 'માનવજ્યોત' સંસ્થા પશુ - પક્ષીઓનાં દાણા-પાણીથી માંડીને તબીબી સહાય, બાળઉત્કર્ષ, ડ્રગ બૅન્ક, બ્લડ બૅન્ક, તમામ પ્રકારના મેડિકલ કેમ્પસ, મહિલા ઉત્કર્ષ અને એમ્બ્યુલન્સ સેવાથી માંડીને બિનવારસ મૃતદેહોને અવ્વલ મંજિલે પહોંચાડવા સુધીની દરેક સેવા તેઓ કરે છે. આ બધા સાથે તબીબી સેવાના ક્ષેત્રે હૃદય, કિડની અને કેન્સરના દર્દીઓને ઑપરેશન વખતે જોઈતી નાણાકીય સહાયની તેમ જ ચક્ષુદાનની પ્રવૃત્તિ તો ખરી જ.

કુલીનકાંતભાઈનો જન્મ કોચીનમાં સાત ભાઈ અને એક બહેનના બહોળા પરિવારમાં થયો. વિદ્યાર્થી તરીકે તેમણે ૧૪ વરસ જ્ઞાતિના ઘાટકોપર સ્થિત શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહમાં રહીને અભ્યાસ કર્યો હતો. એ પહેલાં આઠમા ધોરણ સુધીનું શિક્ષણ કોચીનમાં લીધું હતું. ભણવામાં પણ તેઓ તેજસ્વી અને ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની (સી. એ.) ડિગ્રી ધરાવનારા છે. કોઇકને વળી એવો પણ વિચાર આવે કે સી. એ. થયેલા કુલીનભાઈ ધીકતી પ્રૅકટિસ છોડીને છેલ્લાં ૨૬ વર્ષથી સમાજસેવા શા માટે કરતા હશે?

કચ્છના રાયધણજર ગામના મૂળ વતની કુલીનભાઈ પોતે જ આ વાતને ફોડ પાડતાં જણાવે છે, ''કુટુંબને કોચીનમાં છોડીને ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવ્યો ત્યારે મારા મનમાં સેવાનાં સપનાં નહોતાં. સેવા કરવાનો મંત્ર મેં વિદ્યાર્થીગૃહમાં રહીને મેળવ્યો હતો. મિત્રો સાથે રહેવાનું, એકબીજાનું કામ કરવાનું અને મસ્તીથી જીવવાનું. સાથે એ ભાઈચારાને લીધે જ સૌને મદદરૂપ થવાની પણ અનોખી ખુશી થતી. તેમાંથી મને શીખ મળી કે જીવન એટલે જ બીજાને ઉપયોગી થવું. ત્યારથી મારામાં સેવાભાવનાનાં બીજ રોપાયાં હતાં.'' તે પછી સી. એ.ની ડિગ્રી મેળવીને તેમણે પ્રૅક્ટિસ શરૂ કરી. મહારાષ્ટ્રના થાલનેરના વતની અને જિગરી મિત્ર સુરેશ ગિરધરલાલ શાહ સાથે તેમણે લુઠિયા એન્ડ શાહના નામે પાર્ટનરશિપ ફર્મ સ્થાપી.

ક્યાં ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની વ્યસ્તતા અને ક્યાં સમાજસેવાની ધૂણી? કુલીનભાઈ આગળ વાત કરે છે, ''ગુજરાતી વૈષ્ણવ સુરેશ અને મારી વચ્ચે ગજબનું ટયુનિંગ. વળી, હું સમાજસેવાની પ્રવૃત્તિ કરું એ સુરેશને પણ ગમે. અમારી બંનેની એવી નેમ કે ભગવાન આપણને મદદ કરે છે તો આપણે બીજાને મદદ કરીએ, પણ બેય જણા સી. એ.ના વ્યવસાયમાં તેથી સેવા માટે સમય ફાળવવો ખૂબ અઘરું થતું. મારું મન વ્યવસાય કરતાં સમાજસેવા તરફ વધુ ઝૂકેલું છે એ વાત સુરેશભાઈ કળી ગયા હોય તેમ એક દિવસ તેમણે મને કહ્યું કે તમે નિશ્ચિંત થઈને સમાજસેવા કરો, હું આપણી ફર્મનો મોરચો સંભાળીશ. અને ફર્મમાં તમારો અડધો હિસ્સો તો યથાવત્ જ રહેશે.''

મિત્રતાની પરાકાષ્ઠા જેવી એ સમજણ અને એ ગોઠવણ આજે પણ અકબંધ છે. તેથી કુલીનભાઈએ આજીવિકા રળવાની ચિંતા કરવી પડતી નથી. એનો અર્થ એવો નથી કે તેમની સેવા પ્રવૃત્તિની વાત આટલામાં પૂરી થઈ જાય છે. 'માનવજ્યોત'ની સ્થાપના કરી એ પહેલાં તેમણે મુલુંડ પૂર્વના મિત્રો સાથે મળીને નારાયણ સેવા મંડળની રચના કરી હતી. આ સેવા મંડળમાં છ વર્ષ કામ કર્યું અને રૂપિયા ૩૫ લાખ જેવું એ જમાનામાં માતબર કહી શકાય તેવું ભંડોળ સેવાકાર્યો માટે અકઠું કર્યું હતું. જો કે સેવામંડળના ટ્રસ્ટીઓ સાથેના મતભેદ થયા પછી


"સેવા કરવાનો મંત્ર વીરજી લધા વિદ્યાર્થી ગૃહમાં મળ્યો હતો. બધા મિત્રો સાથે રહેવાનું, એકબીજાનું કામ કરવાનું અને મસ્તીથી જીવવાનું. આ ભાઈચારામાં અને એકબીજાનું કામ કરવામાં બહુ જ આનંદ થાય. તેમાંથી શીખ મળી કે બીજાને ઉપયોગી થવું. મારામાં સેવાભાવનાનાં બીજ ત્યારથી રોપાયાં હતાં."

કુલીનભાઈએ માનવસેવાનાં બીજા યજ્ઞ ‘માનવજયોત’નો પ્રારંભ કર્યો. છેલ્લા અઢી દાયકામાં ‘માનવજ્યોત’ સંસ્થાએ કેવું કામ કર્યું છે એ જાણનાર કુલીનભાઈને મનોમન વંદન કરે નહીં તો નવાઈ.

૩૫૦થી વધુ દેહદાન, ૨૫૦થી વધુ લોકોને નેત્રદાન, ૧૭૫થી વધુ પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગ બહેનોના આવાસની સંપૂર્ણ વ્યવસ્થા, દર મહિને હજારો જરૂરિયાતમંદોને નિઃશુલ્ક દવાઓ, ૪૦૦થી વધુ બિનવારસ મૃતદેહોની અંતિમક્રિયા, દેશભરમાં ફેલાયેલા ૩,૦૦૦થી વધુ કાર્યકર્તાઓનું નૅટવર્ક અને અંદાજે રૂપિયા સાત કરોડથી વધુનું દાન, કુલીનભાઈ અને એમનાં સેવાકાર્યોની આ એક ઝલક માત્ર છે.




સમગ્ર દેશમાંની ૩,૫૦૦થી વધુ સમાજસેવા સંસ્થાઓની તેમણે તૈયાર કરેલી ડિરેકટરી ‘ધી ગાઈડ ટુ સોશિયલ વર્ક’નો તો જોટો જડવો મુશ્કેલ છે. બે ભાગમાં વહેંચાયેલી આ ૧,૧૮૭ પાનાંની ડિરેક્ટરી ની આજ સુધીમાં બાર આવૃત્તિ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. તેની ૫૦,૦૦૦થી વધુ નકલો કુલીનભાઈએ યોગ્ય હાથમાં પહોંચાડી છે. મુલુંડ પશ્ચિમમાં ‘માનવજ્યોત’નું કૉમ્પ્યુરાઈઝડ સેવા કેન્દ્ર એકધારું સેવાપ્રવૃત્તિથી ધમધમતું રહે છે. આવાં જ કેન્દ્ર નવી મુંબઈ તથા મુંબઈના પશ્ચિમના પરામાં શરૂ કરવાનું કુલીનભાઈનું સપનું છે.

તેમનો દ્રઢ વિશ્વાસ અને નિઃસ્વાર્થભાવે કાર્ય કરતા રહેવાનો સ્વભાવ જોતા આ સપનું સાકાર થશે જ તેવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. કુલીનભાઈ કહે છે, ‘‘સમાજનો દરેક રૂપિયો સવાયો થઈને વપરાય એવો મારો આગ્રહ હોય છે. આપણે ભલે દરેક માણસનાં આંસુ લૂછી ના શકીએ પણ મદદનો હાથ તો લંબાવી શકીએને ? ભગવાને સેવા કરવા આપણને પસંદ કર્યા એ આપણું પરમ સદ્‌ભાગ્ય ગણાય.’’

કુલીનભાઈને સેવાકાર્યમાં તેમનાં પત્ની હીરાબહેનનો સાથ કાયમ મળતો રહ્યો છે. ‘‘અમે તો ઈશ્વરનું કામ કરીએ છીએ. એમાં અભિમાન ન કરાય’’ એવું કુલીનભાઈ વિનમ્રતાપૂર્વક કહે ત્યારે કહેવું પડે કે આવા સમાજને કુલીનભાઈ જેવા લાખો સહૃદય સેવક મળે. ■

## Kulinkant Luthia

### Serving all, humbly

It may sound unbelievable, but the fact is that a gold medalist chartered accountant Kulinkantbhai Luthia had given up his professional aspirations 26 years ago just because he wanted to do social service! Call him on 98200 39469 at any time for help when you are in need and you would be greeted with a warm ‘Namaste’ by him.

He established a charitable trust ManavJyot on 13 July 1991. From feeding birds and animals and providing them treatment when they are in distress, to providing all possible services to people, from medical help, blood bank, ambulance service, helping children and women, to providing all necessary help to kidney, cancer, heart patients and others, ManavJyot even works tirelessly for eye donation awareness and managing last rites of unclaimed corpses!

He was inspired to get into social service on full-time basis while staying at Shri Virji Ladhabhai Jain Vidyarthigruh as a student. Then, when he became a professional, his business partner Suresh encouraged him handle business affairs of their CA firm to him and told Kulinbhai to do social service.

In his long standing career as a social worker, he played an instrumental role in managing more than 350 corpse donations, providing shelter to more than 175 visually-impaired or handicapped women, arranging last rites of more than 400 unclaimed corpses, creating a network of more than 7,000 social workers across the country and donating more than Rs. 7 crores for various causes. His directory, The Guide To Social Work, is considered as one of kind in India which has vast information of more than 3,500 social service organizations of the country.

And the best thing he tells about serving to the society is as humble as the man himself, “We have to spend very carefully every single rupee made available for social service. Maybe we cannot help everyone end their misery but at least, we can try lending a helping hand. The God has chosen us to serve all and that’s the best blessing He can give to any person!” ■


• Bridal Lehengas & Cholis
• Bridal Sarees
• Traditional & Party Wear Sarees
Bharatkshetra®
Sarees Pvt. Ltd.
Dadasaheb Phalke Road, Dadar(E), Mumbai-400 014 - INDIA
Tel:2417 77 77 - 2417 88 88 / Email-info@bharatkshetra.com
Monday Closed



# કેડીઓ જ્ઞાતિનો જાદુઈ અવાજ

# વૈભવ મોતા

**આયુષ્યના ત્રણ દાયકા પણ પૂરા નથી કર્યા ત્યાં વૈભવે મનોરંજન જગતમાં સફળ કાર્યક્રમ સંચાલક તરીકે સ્થાન જમાવી દીધું છે. વેપારી કોમ ગણાતી આપણી જ્ઞાતિનો એક યુવાન મનોરંજન જગતમાં છવાઈ જાય એ દરેક કેડીઓ માટે હરખાવા જેવી વાત છે.**

''૯૨.૫ રેડિયો વન પર મૈં અમર... ઔર મૈં પ્રેમ... આપકા સ્વાગત કરતે હૈં. દોસ્તોં, કીપ ઍન્જોઇંગ... ક્યોંકિ આપ ઍન્જોય નહીં કરોગે તો આપકો મઝા કૈસે આયેગા?'' મુંબઈના રેડિયોપ્રેમી શ્રોતાઓએ થોડાં વર્ષો પહેલાં આ વાક્યો ખૂબ રસપૂર્વક સાંભળ્યાં હશે અને અમર-પ્રેમની વાતો પણ માણી હશે. વૅરી ગુડ, હવે આ વાત સાથે આપણે જઇએ ફ્લૅશબૅકમાં...

વરસઃ ૨૦૦૩નું
સ્થળઃ કે. જે. સોમૈયા કૉલેજનું કૅમ્પસ
પ્રસંગઃ જાણીતી રેડિયો ચેનલ ગૉ એફએમ આયોજિત ઇન્ટ્રા-કૉલેજ આર. જે. હન્ટના ઑડિશનનો

કોઈપણ કૉલેજમાં જોવા મળતું યૌવનસભર વાતાવરણ ત્યારે સોમૈયા કૉલેજના કૅમ્પસમાં ખૂણે ખૂણે છલકી રહ્યું હતું. પોતપોતાના ગ્રુપના સ્ટુડન્ટ્સને ઑડિશનમાં પાનો ચડાવવા માટે કૉલેજના અન્ય સ્ટુડન્ટ્સ ઊમટી પડ્યા હતા. જો કે કૅમ્પસમાં સ્પર્ધા કરતાં જલસાનો મૂડ વધુ પ્રવર્તી રહ્યો હતો. મજાકમસ્તીના એ માહોલમાં સ્પર્ધકો કરતાં એમના સમર્થકોમાં વધુ ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. નૅચરલી જ, કૉલેજની ઇવેન્ટ્સમાં સ્ટુડન્ટ્સ મોટા ભાગે 'વાગ્યું તો તીર નહીંતર તુક્કો' એવા અભિગમ સાથે ભાગ લેતા હોય છે. રેડિયો જૉકી કે આર. જે. હન્ટમાં સ્ટુડન્ટ્સે જોડી બનાવીને ઝંપલાવવાનું હતું. સોમૈયા કૉલેજમાંથી લગભગ ૪૦-૪૫ જોડીઓએ ઇવેન્ટમાં ઉત્સાહભેર ભાગ લીધો. દરેક સ્પર્ધકે પોતાનો આર. જે. તરીકે પરિચય દેવાનો હતો. સાથે, ટેલિફોનિક ઈન્ટરવ્યૂ, જાણીતી પ્રતિભાની મુલાકાત વગેરે અલગ અલગ સોપાન પણ સર કરવાનાં હતાં. ઑડિશન્સ પૂરાં થયાં પછી કૉલેજમાંથી બે સ્ટુડન્ટ્સનું સિલેક્શન આર. જે. તરીકે થયું. બંનેએ જોડીમાં નહીં પણ વ્યક્તિગત ભાગ લીધો હતો. બેઉએ ઇન્ટર-કૉલેજ ફાઇનલ ઇવેન્ટમાં એમની કૉલેજનું પ્રતિનિધિત્વ કરવાનું હતું. મુંબઈની ૧૨ કૉલેજોના પ્રતિસ્પર્ધી સ્ટુડન્ટ્સ વચ્ચે પોતાની પ્રતિભા, નાવીન્ય, અવાજના જાદુથી નિર્ણાયકોને ઈમ્પ્રેસ કરવાના હતા. એ ફાઇનલમાં બેઉએ રંગ જમાવી દીધો અને જીત મેળવીને સૌનાં દિલ જીતવાની સાથે સોમૈયા કૉલેજનું નામ પણ ચમકાવી દીધું !

**“ અમર અને પ્રેમની જોડીની કેમિસ્ટ્રી અકલ્પનીય હતી. એટલી કે રમૂજ, હાજરજવાબીપણું અને હમેશાં કંઇક નવું કરવાની ધગશને કારણે આ જોડીએ થોડા જ સમયમાં લાખો મુંબઈવાસીઓનાં દિલ જીતી લીધાં ”**

એ પછી બેઉ વિનર્સે એક વર્કશોપમાં તાલીમ લીધી. ઝમકદાર જોડી બનીને બે મહિના સુધી દરેક વીકએન્ડમાં જુદી જુદી કૉલેજોમાં જુદા જુદા વિષયોની ઇવેન્ટ્સનું પ્રભાવશાળી સંચાલન કર્યું. એમના પરફોરમન્સની રેડિયો પર ઑન-એર ચેલેન્જ પણ ચાલી રહી હતી, તેમાં નિર્ણાયકો અને શ્રોતાઓનો મબલક પ્રેમ મેળવીને આ જોડી રનર્સ-અપ બનીને છવાઈ ગઈ. એના શિરપાવ રૂપે બેઉને ગૉ એફએમની જ પ્રૉગ્રામિંગ ટીમમાં જોબ મળી ગઈ. જો કે ભણતર પૂરું કરવું એ પ્રાયોરિટી હોવાથી તેમણે નોકરી છોડી. દોઢ વરસ પછી ગૉ એફએમ રેડિયો વન બન્યું ત્યારે બેઉને ફરીવાર તેના પ્રોગ્રામના આર. જે. બનવાનું આમંત્રણ મળ્યું. બસ, એ સાથે જ મુંબઈના શ્રોતાઓને મળ્યો નવો રેડિયો પ્રૉગ્રામ નામે 'બૉલિવુડ ટૉપ થર્ટી - અમર ઔર પ્રેમ કે સાથ.' અમર અને પ્રેમની જોડીની કેમિસ્ટ્રી અકલ્પનીય હતી. એટલી કે રમૂજ, હાજરજવાબીપણું અને હમેશાં કંઇક નવું કરવાની ધગશને કારણે આ જોડીએ થોડા જ સમયમાં લાખો મુંબઈવાસીઓનાં દિલ જીતી લીધાં. આ જોડીનો તકિયા કલામ હતો, ''કીપ ઍન્જોઇંગ... ક્યોંકિ આપ ઍન્જોય નહીં કરોગે તો આપકો મઝા કૈસે આયેગા?''

હવે ફ્લૅશબૅક પૂરો અને શરૂ થાય છે સમય આજનો, અત્યારનો.

પણ તમે શું વિચારો છો? એવું કે આપણી કેડીઓ જ્ઞાતિની ગમતીલી વાતો વચ્ચે આ વળી કોની વાતો થઈ રહી છે? ફિકર નૉટ બૉસ, આપણે જરા પણ આડે પાટે નથી ચડ્યા. ચાલો, રહસ્યનો ફુગ્ગો ફોડી નાખીને જણાવી દઇએ કે અમર-પ્રેમની જોડીમાંનો લવેબલ પ્રેમ એટલે આપણો પોતાનો વૈભવ લાલજી મોતા. કચ્છ અબડાસા તાલુકાનું વાંકુ ગામ જેનું વતન અને ૧૯૮૩માં ખંડવામાં જેનો જન્મ થયો તેવો વૈભવ મુંબઈમાં ઘાટકોપર સ્થિત વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહમાં રહીને ભણ્યો છે. એણે આ શહેરમાં મુંબઈની હૉસ્ટેલ લાઈફને મન ભરીને માણી છે, કૉલેજના ફન અને એજ્યુકેશનને પણ પૂરા દિલથી ન્યાય આપ્યો છે. ભોપાલમાં સ્થાયી થયેલા દાણાના વેપારી સુધીરભાઈ વાલજીભાઈ અરજણભાઈ મોતાના આ ટૅલેન્ટેડ દીકરાએ



એન્ટરટેઇનમેન્ટ ક્ષેત્રમાં ગજબનું કાઠું કાઢ્યું છે. જો કે સ્કૂલ-કૉલેજમાં પ્રૉગ્રામ્સનું સંચાલન કરતી વખતે એણે આ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાનું તો સપનેય વિચાર્યું નહોતું. કૉલેજની પેલી આર. જે. હન્ટવાળી ઘટના બની એ પછી જ એના વિચારોએ હટ કે ટર્ન લીધો હતો. એન્ડ વ્હાય નૉટ યાર, એનું માઇન્ડ સુપર ક્રિએટિવ, એનું એન્કરિંગ અફલાતૂન અને એની મહત્ત્વકાંક્ષાઓ પણ સ્પષ્ટ. તેથી જ તો વૈભવ સ્વરૂપે મનોરંજન જગતને એક આઉટસ્ટેન્ડિંગ સંચાલક મળ્યો. એણે એની પ્રતિભાથી આ ક્ષેત્રમાં જૅટ સ્પીડથી પ્રગતિ સાધી છે. એક બાજુ એ રેડિયો સ્ટેશનમાં કાર્યરત થયો, તો બીજી બાજુ, વૅરી નૅક્સ્ટ ડૅ, એને ફૅમ ઍડલેબ્સના સ્ટેજ શૉ કરવાનું ઇન્વિટેશન મળ્યું. એમ કરતાં કરતાં વૈભવ ઝપાટાભેર અઠવાડિયામાં ત્રણ-ચાર દિવસ રેડિયો કાર્યક્રમ અને બાકીના દિવસ એન્કરિંગ કરતો થઈ ગયો. ટૂંકમાં, પોતાના વૉઇસના વૅલવેટ ટચથી એ સૌના મનને એવો સ્પર્શવા માંડ્યો કે વૈભવ મોતા અને સક્સેસફુલ ઇવેન્ટ હૉસ્ટ એકબીજાના સમાનાર્થી થઈ ગયા. આટલું ઓછું હોય તેમ નિર્માતા તરીકે એણે ટી.વી.ક્યુ. માટે ફૂડ અડ્ડા નામના કાર્યક્રમનું નિર્માણ પણ કર્યું, સાથે તેના કૉન્સેપ્ચ્યુઅલાઇઝર અને એન્કરની જવાબદારી પણ નિભાવી.

વૈભવે હજી તો લાઇફના ત્રણ દાયકા પૂરા કરવાના બાકી છે. આટલી નાની ઉંમરમાં આ વૉઇસ માસ્ટરે ગઝલ કિંગ જગજિત સિંઘથી માંડીને બોલિવૂડના બાદશાહ શાહરુખ ખાન સુધીની કેટલીયે હસ્તીઓની મુલાકાત લીધી છે. બોલિવૂડ સ્ટાર્સનો કાર્યક્રમ હોય કે મ્યુઝિકનો, જ્ઞાતિ સંમેલન હોય કે કૉર્પોરેટ ફંકશન, દરેક કાર્યક્રમ વૈભવના વૈભવશાળી ટચથી ચકાચક થઈ જાય છે. આપણી જ્ઞાતિમાંથી કલા જગતમાં નામ કરનાર તારલા જૂજ છે. શિવજી દેવશી મઢડાવાલા કે ચાંપશીભાઈ નાગડા સિવાય ભાગ્યે જ કોઈએ આ ક્ષેત્રમાં આગવી છાપ છોડી છે. તેમાં વૈભવને પ્રસિદ્ધિના પંથે પાવરફુલી આગળ વધતો જોઇને આનંદ અને ગૌરવ તો થાય જ. કેડીઓ જ્ઞાતિનો આ સ્ટાર નેશનલ અને ઇન્ટરનેશનલ સ્તરે વધુ ખ્યાતિ મેળવે, યુવાનોને સફળ થવાની પ્રેરણા આપતો રહે, એવી આપણી મીઠા અવાજે શુભેચ્છા. ■

# Vaibhav Mota

## Towering Talent In The World Of Anchoring

Studying in Ghatkopar's K. J. Somaiya College, young and talented Vaibhav Mota got an opportunity to become a Radio Jockey or an RJ. He was selected along with another student by Go FM, now Radio One, to represent his college in an RJ Hunt where Vaibhav came out winner defeating all participants from various colleges of Mumbai. He was the RJ Prem of that popular pair of the show Bollywood Top 30, Amar Aur Prem Ke Saath which was telecast on the same radio channel which gave Vaibhav his dream break in the field.

Born in Khandwa, Madhya Pradesh where legendary Bollywood singer Kishore Kumar was born, this young boy whose native is Kutch Abdasa had completed his education in Mumbai by staying at Shri Virji Ladhabhai Jain Vidyarthigruh. After he made his debut as an RJ, Vaibhav instantly became a hot property in the anchoring world. Offers started pouring in from everywhere, like anchoring Fame Adlabs events, TVQ's Food Adda show, to interviewing top celebrities like Shah Rukh Khan and Jagjit Singh, Vaibhav has already set many milestone in his impressive career. Today, he is also into conceptualising shows and taking care of them as a skillful event manager. It is really heartening to say that he is the first KDO to make a mark in such a glittering world of entertainment. And we know he would go places with time! ■

# Lesha Impex Pvt. Ltd.

Importer $ Exporter of Cotton $ Allied Products

















Phone : +91 22 2567 9671 / 72

Fax : +91 22 2567 9675

E-mail : manish@leshaimpex.com

Website : www.leshaimpex.com

STONEMANN ROYALE LTD.

Dealers in :

Imported Marble & Granite
Floor & Wall Tiles

Shree Krishna Mills Compound, Link Road,
Opp. D-Mart, Bhandup (W), Mumbai – 400078.
Phone : +91-22-23484452 / 53
Fax : +91-22-23484451
Website : www.stonemann.biz




At Girnar, we are dedicated to make the day of every tea lover. For the connoisseur in you who insist on being served only the best. We produce tea that refreshes your mind and stimulates your senses.

We are dedicated to make your every sip... a sip of complete satisfaction.

- Buy Our Products Online at: http\\chaichai.in

facebook.com/TeasAtGirnar twitter.com/TeasAtGirnar

GIRNAR®

*Na Piya Toh Kya Jiya*

# સુખના રસ્તે જ્ઞાતિ ચાલી...

**અઢાર જ મહિનામાં અનંત યુવાશક્તિના નેજા હેઠળ આપણી જ્ઞાતિએ સંપ, સમર્પણ અને દૂરંદેશીના અનેક દાખલા બેસાડ્યા છે. હવે વિશ્વાસ રાખજો, આ તો માત્ર શરૂઆત છે.**

''પહેલું કામ એ કરવાનું છે કે લોકો જ્ઞાતિના કાર્યક્રમનું આમંત્રણ જોઈને એમ કહે નહીં કે, 'સમજ્યા હવે, શું કરવું છે જ્ઞાતિના ફંકશનમાં જઈને ? બીજું કામ કરીએ કે જ્ઞાતિના કાર્યક્રમો ખરા અર્થમાં જ્ઞાતિને ઉપયોગી થાય તેવી રીતે યોજીએ. ત્રીજું કામ કરીએ કે યુવાપેઢી પણ જ્ઞાતિની દરેક ઍક્ટિવિટીમાં ઉત્સાહભેર જોડાય તેવું વાતાવરણ સર્જીએ. ચોથું અને સૌથી મહત્ત્વનું કાર્ય એટલે પાંચ વરસમાં જ્ઞાતિના ટકોરાબંધ વિકાસ, સંપ અને લાભ માટે એવાં એવાં કામ કરી બતાવીએ કે દુનિયાનો દરેક કચ્છી દશા ઓસવાલ વટ સાથે કહે, 'પાં ત્ કેડીઓ !'

અનંત યુવાશક્તિ પૅનલે ૧૮ એપ્રિલ ૨૦૧૦માં શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ટ્રસ્ટ અને મુંબઈ મહાજનનું સુકાન સંભાળ્યું એના પછી આ હતી પહેલી બ્રીફ. નવા ટ્રસ્ટ અને મહાજનના દરેક મૅમ્બર એમાં સર્વાનુમતે સાથ દેવાને સજ્જ હતા. યુવાપ્રમુખ નયન ભેદા સાથે ખભેખભા મિલાવીને ચમત્કારથી કશુંયે ઓછું થવા જ દેવું નથી એ મામલે સૌ કૃતનિશ્ચય હતા. નવા ટ્રસ્ટ-મહાજનના શપથવિધિનો કાર્યક્રમ એટલે જ જાણે આખી જ્ઞાતિને લાગણીનાં તેડાં મોકલવાનો અવસર હોય તેમ યોજાયો *એકબીજાને ગમતાં રહીએ* નામ સાથે.

એ સાથે શરૂ થયો ગમવાનો અને ગમી જવાનો તહેવાર જે ક્યારેય અટકવાનો નથી એની કેડીઓ તરીકે ખાતરી રાખજો. દશાઓની નવી દિશા એ જ્ઞાતિનું સ્લૉગન માત્ર નથી પણ જ્ઞાતિનો બદલાયેલો સ્વભાવ છે. નવા લૉગોમાં જે તાજગી છે તે તેજતર્રાર વિકાસ સાધવાના વિશ્વાસની છે. જ્ઞાતિનું ગીત એટલે ઍન્થમ પણ અનંતનાથ દાદાની કૃપા મેળવી સુંદર ભાવિ સુધી જવા માટેનું પ્રેરણાગીત છે. તમે આ વાચતા હશો ત્યારે અનંત યુવાશક્તિએ ટ્રસ્ટ-મહાજનનું સંચાલન હાથમાં લીધું તેને અઢારેક મહિના થયા હશે. આ અઢારેક મહિનામાં નવા સુકાનીઓના સથવારે જ્ઞાતિનો ચંદ્ર શક્યતાઓના આકાશમાં સોળે કળાએ ખીલી ઊઠ્યો છે.

આપણે ફાલ્ગુની પાઠક સંગે રાસ-ગરબા રમ્યા, ગાંધી બિફૉર ગાંધી નાટક માણ્યું, ભાંડુપ જિનાલયમાં ધ્વજા મહોત્સવ અને સડસઠમો સમુહલગ્ન પાર પાડ્યો, થાણેના ટિપટૉપ પ્લાઝામાં સગપણ સેતુ થકી સાડત્રીસ લગ્નોત્સુક યુવક-યુવતીઓનાં આયખાં જોડી આપ્યાં... દોઢેક વરસમાં જ્ઞાતિએ ઘણાં કામ સાથે મળીને પાર પાડ્યાં છે. વિગતવાર યાદી જાણવા માટે સાથેનું બૉક્સ જોઈ લો, કેડીઓ તરીકે તમને સાનંદાશ્ચર્ય થશે કે જ્ઞાતિની પ્રવૃત્તિઓ કેટલી ગતિશીલ થઈ ગઈ છે.

## નવા મહાજને કરેલાં કાર્યોની ટૂંકી યાદી

- ભાંડુપ અને મસ્જિદ બંદરમાં ચાતુર્માસ પ્રવેશ
- અનંતનાથ જિનાલયમાં પંચાહ્નિકા મહોત્સવની ઉજવણી
- ચેમ્બુરમાં અનોખા સર્ચ ઑફ ટૅલેન્ટ શૉનું આયોજન
- મસ્જિદ સ્થિત કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટની શાળાનું નૂતનીકરણ
- દાદરમાં સામુહિક ક્ષમાપના કાર્યક્રમનું અભિનવ આયોજન
- કર્ણાટક યાત્રાપ્રવાસ
- વિદ્યાર્થીઓ માટે એજ્યુ-સ્પાર્ક અંતર્ગત શૈક્ષણિક માર્ગદર્શન સેમિનારનું આયોજન
- મુલુંડમાં ટ્રેડ- કમ - ફન ફૅર
- મસ્જિદમાં ક્ષેત્રપાલ દાદાની પ્રતિષ્ઠા વિધાન
- શેઠ નરસી નાથા મૅડિકલ ટ્રસ્ટના નેજા હેઠળ રાહત દરે વીમા યોજનાની સુવિધા
- કૅન્સર ચિકિત્સા શિબિર
- લાગા રોલપત્રકનું નવીનીકરણ
- નોકરીવાંચ્છુઓ માટે જૉબ જંકશન

જો કે સૌથી મુખ્ય પ્રવૃત્તિ તો જે સૌથી પહેલી જણાવી તે. એનો સાર એટલે જ્ઞાતિનો સંપ અને એકમેકનો સાથ. એ માટે મહાજને એવા મોરચે હરણફાળ ભરી દીધી છે જે આજ પહેલાં સુધી ખેડવામાં આવ્યો નહોતો. આજે એક જ એસએમએસ મોકલાવીને આપણા માટે ૬,૫૦૦ થી વધુ દશા ઓસવાલોનો સંપર્ક સાધવો શક્ય બન્યો છે. જ્ઞાતિની વેબસાઈટે સરહદનાં બંધન તોડીને વિશ્વભરના કેડીઓ વચ્ચે માહિતીના આદાનપ્રદાનનું વિશ્વ ઉઘાડી નાખ્યું છે. આ અને જ્ઞાતિલક્ષી દરેકેદરેક જવાબદારી સમયસર, સચોટતા સાથે અને સહુના હિતમાં જ થાય તે માટે મહાજનના સભ્યોમાં કાર્યોની વ્યવસ્થિત વહેંચણી કરી દેવાઈ છે. અને હવે ?

હવે વધુ એક ઉજળો અધ્યાય શરૂ થશે. જ્ઞાતિના તમામ પરિવારને, સાધારણ કે સામાન્ય પરિવારને પણ, અસાધારણ અને ઉત્કૃષ્ટ ભવિષ્ય મળે તે માટે મહાજને કમર કસી છે. પહેલા અઢાર મહિનામાં જો સુખનો ચંદ્રમા સોળે કળાએ ખીલ્યો છે તો હવે પછી સમય એવી શક્યતા સર્જશે જે આપણી જ્ઞાતિને વાસ્તવમાં વિશ્વજ્ઞાતિ બનાવશે. આયોજન થઈ ગયું અને અમલ પણ થવા માંડ્યો. હવે એકતા અને સહૃદયતા સાથે આપણે સર્જવાનાં છે સીમાચિહ્ન... અને સૌ હમેશાં સાથે છીએ પછી એટલું જ કહેવાનું છે કે હવે તો આપણને, ''ના રોકે કોઈ બેડીઓ !'' ■

# Snippets-Overview

## KDOs on the move



In a short span of just 18 months, our community has set many precedents of unity, devotion and vision under the aegis of Anant Yuvashakti. And trust us this is just the beginning…

Just after taking reigns of the community on 18 April last year, the newly elected office bearers of our Shri Kutchi Dasha Oswal Jain Mahajan and Trust, mostly elected under the Anant Yuvashakti panel, decided to address few issues on a priority basis: Giving a special touch to all the community programmes so that the members feel excited to attend them, making all programmes useful to the community, creating an atmosphere which encourage the youth to participate in the community's activities, and last but not the least, doing such outstanding work for the community's benefit in the five years tenure that each and every KDO starts feeling extremely proud of being one."

The inaugural programme organized by the newly elected Mahajan was Ekbijane Gamta Rahiye. The swearing in ceremony along with musical presentation of the KDO Anthem with a lovely dance, and raas-garba night celebrated with Falguni Pathak were also part of that show.

Many other programmes followed that including a show of Gujarati stage play GANDHI BEFORE GANDHI held at Dombivali, Dhaja Mahotsav at Bhandup Jinalay, 65th samuhlagna for community members, Sagpan Setu at Thane's Tip Top Plaza for matchmaking of community's prospective young boys and girls… lots of happenings took place in the short span of around 15 months, which brought our community closer than ever.

Another thing, a first for the community, done by the new Mahajan, was to improve connectivity between community members with the help of technology. Today, more than 6,500 KDOs are approachable instantly through SMS. Our updated, content-rich website helps community members living across the globe to keep in touch and even share information with each other.

And one has to believe that this is just the beginning! With outstanding activities brought already on agenda by the Mahajan for an all-round upliftment of our community, the future is surely going to be exciting. Just be united and see what wonders we will do together to change our community into one of the most advanced, socially and economically empowered one within no time! ■

# નવા મહાજનના વડપણ હેઠળ યોજાએલા અનેક કાર્યક્રમોએ કેડીઓ જ્ઞાતિમાં એકતા અને આનંદ સાથે ખુશીઓના અનેક રંગ પણ ભરી દીધા છે. એમાંના જ થોડા કાર્યક્રમોની તસવીરી ઝલક માણીને તરબતર થવા જેવું છે



સ્મરણીય શપથવિધિઃ નવા મુંબઈ મહાજને શપથ લીધા ત્યારની અનોખી ક્ષણ




બળુકું બંધુત્ત્વઃ નવા પ્રમુખ નયન ભેદા અને વિદાય લેતા પ્રમુખ ચીમનભાઈ મોતાનું આત્મીય આલિંગન



વડીલવંદનાઃ શિવજી વિકમશીને કેડીઓ રત્ન એવોર્ડથી સન્માનિત કરીને કૃતજ્ઞ થતા નયનભાઈ અને જ્ઞાતિનો એક યુવક



સન્માનસુખઃ કેડીઓ રત્ન રાયચંદ ધરમશીને સન્માનિત કરીને પુલકિત થતો થતો જ્ઞાતિયુવાન





રાસ-ગરબાના રંગઃ ફાલ્ગુની પાઠકના જાદુમાં ઓળઘોળ કેડીઓ ખેલૈયાઓ





ધર્મશ્રેષ્ઠીઃ હિતેશભાઈ મોતાનું સન્માન કરીને હર્ષ અનુભવતા નયનભાઈ



ગુરુપૂજનઃ નયનભાઈ અને રાજેશભાઈ છેડા ગુરુદેવના આશીર્વાદ લેતા



દાતાને સલામઃ પારસભાઈનું બહુમાન કરતા નીલેશ મોતા



તપનું તેજઃ ભુપેન્દ્રભાઈ દંડે તપસ્વીઓનું બહુમાન કર્યું ત્યારની એક પાવન પળ



દાતાને સલામઃ ચેતનભાઈ મોતાએ પંચવર્ષીય દાતા ચેતનભાઈ ભેદાનું બહુમાન કર્યું ત્યારની ક્ષણ





મિચ્છામિ દુક્કડમ્ઃ સામુહિક ક્ષમાપનાના વિશિષ્ટ આયોજનને દીપાવતું નયનરમ્ય સ્ટૅજ



ધજા, ફરકતી સદાઃ ભાંડુપ દેરાસરની મુખ્ય ધજા પર વાસક્ષેપ છાંટતા પૂજ્ય શ્રી મહારાજ સાહેબ



નવગ્રહને નમનઃ (ડાબેથી) ઉર્વિ મોમાયા, ચેતન મોતા, રાજુલ પટેલ, પૌલોમી પટેલ, એકતા ભેદા, નયન ભેદા અને કુમાર દંડ નવગ્રહના પૂજનમાં લીન




દરબાર દાદાનોઃ ૧૭૭મી ધજા પ્રસંગે અનંતનાથ દાદાનો સુશોભિત દરબાર



ભક્તિની શક્તિઃ અનંતનાથજી દેરાસરની ૧૭૭મી ધજા પ્રસંગે નવગ્રહ પૂજનમાં ઓતપ્રોત ભાવિકાઓ



બેલડી પુણ્યશાળીઃ કુમારપાળ રાજાની મહાઆરતીનું સદ્‌ભાગ્ય મેળવનાર યુગલ રૂપલ અને રવિ ધરમશી



પવિત્ર પ્રદક્ષિણાઃ  અનંતનાથજી દેરાસરની મુખ્ય ધજાને પ્રદક્ષિણા કરાવતાં ગૌતમી નાગડા



વંદન ગુરુવરનેઃ અનંતનાથજી દેરાસરમાં ચાતુર્માસ અર્થે પધારતા પૂજ્ય શ્રી ધર્મપ્રભ મહારાજ સાહેબને નતમસ્તક આવકારતા રાયચંદભાઈ ધરમશી



ઉઘડે ઉપાશ્રયનાં દ્વારઃ અનંતનાથજી દેરાસરના ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કરતા (ડાબેથી) નયનભાઈ, યતિવર્ય શ્રી મોતીસાગર મહારાજ સાહેબ, રાયચંદભાઈ ધરમશી, પૂજ્ય શ્રી ધર્મપ્રભ મહારાજ સાહેબ અને કલ્પેશભાઈ મોતા



અનોખી અન્નસેવા: કેડીઓ ટ્રેડ ફૅરમાં સસ્તા દરે અનાજ વિતરણના કાઉન્ટરનું ઉદ્ઘાટન કરતા પ્રવીણભાઈ લોડાયા (વચમાં); સાથે (ડાબેથી) નયનભાઈ, મણિકાંતભાઈ ધુલ્લા, જયેશભાઈ જૈન પ્રફુલ્લભાઈ મોતા



મેળો માનવતાનો: કેડીઓ ટ્રેડ ફૅરનું ઉદ્ઘાટન કરતા જયંતભાઈ સોની (ડાબેથી બીજા); સાથે (ડાબેથી) વિનોદભાઈ ધુલ્લા, તરુણભાઈ ધરમશી, ચેતનભાઈ ભેદા અને નયનભાઈ



ફૅર ફૅન્ટાસ્ટિક: કેડીઓ ટ્રેડ ફૅરનું વિહંગાવલોકન



સ્ટૉલ, મોલ ને તોલ: કેડીઓ ટ્રેડ ફૅરમાં એક સ્ટૉલની મુલાકાત લેતા નયનભાઈ



કાર પુરસ્કાર: કેડીઓ ટ્રેડ ફૅરમાં (ડાબેથી) હેમાંગ ધરમશી અને રાજુલબહેન પટેલ પાસેથી નૅનો કારની ચાવી મેળવીને સ્મિત વેરતી પ્રિયંકા ધરમશી અને સાથે નયનભાઈ



ઝળકે જ્ઞાતિ: કેડીઓ ટ્રેડ ફૅરમાં રોશનીથી તરબતર કેડીઓ અક્ષર




મિશન એજ્યુકેશનઃ એજ્યુસ્પાર્કના સ્કૉર મૉર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને જ્ઞાતિજનોને સંબોધતા કન્વીનર હેમાંગભાઈ ધરમશી




સ્કૉલરને સલામઃ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થી દેવેન કુરુવાનું સન્માન કરતા નયનભાઈ



સર, વી લવ યુઃ મહેશ ટ્યુટોરિયલ્સના મહેશ સર શેટ્ટીનું અભિવાદન કરતા (ડાબેથી) ચેતનભાઈ મોતા, હેમાંગભાઈ ધરમશી, મહેશ સર અને નયનભાઈ



પરફૅક્ટ પ્રતિભાઃ સર્ચ ઑફ ટૅલેન્ટ કાર્યક્રમમાં અદ્‌ભૂત નૃત્ય રજૂ કરતી રાજકોટની કૃપા મુનવર



ગર્વ છે ગિટારિસ્ટઃ સર્ચ ઑફ ટૅલેન્ટમાં પરફૉર્મ કરતા જાણીતા બૉલિવુડ ગિટારિસ્ટ જયંતીભાઈ ગોસર



કરતબ કેવલનાઃ સર્ચ ઑફ ટૅલેન્ટ કાર્યક્રમમાં થાળી ડાન્સથી સૌને મંત્રમુગ્ધ કરતો કેવલ




ગૂંજે નવકારઃ ૧૦/૧૦/૧૦ના દિવસે ભવ્ય નવકાર જાપ અનુષ્ઠાન કરાવતા જયંતીભાઈ રાહી અને સાથી કલાકારો

અભિવાદનઃ જયંતીભાઈ રાહીનું અભિવાદન કરતા હિતેશભાઈ મોતા અને નયનભાઈ





ડૂબ્યા નવકારમાંઃ મહામંત્રના જાપમાં તલ્લીન જ્ઞાતિજનો

દાતા અનુષ્ઠાનનાઃ નવકાર જાપ અનુષ્ઠાન પૂજનમાં બિરાજમાન દાતા પરિવાર





તાલ સે તાલ મિલાઃ ૬૬મા સમુહ લગ્ન પ્રસંગે રામ-ગરબામાં ઝૂમતું નવયુગલોનું વૃંદ



શુભ મંગલ સાવધાનઃ ૬૬મા સમુહ લગ્ન પ્રસંગે મંડપમાં મહેકતાં નવયુગલ



વરસે વિવાહ પર આશિષઃ ૬૬મા સમુહ લગ્ન પ્રસંગે ઉમટેલા જ્ઞાતિજનો




સેતુ છે હેતુઃ સગપણ સેતુમાં ઉપસ્થિત લગ્નોત્સુક યુવકો



સગપણ સેતુનું સુંદર સંચાલન કરતાં ચાંદની લાલકા,
રાજુલ પટેલ, જયેશ જૈન અને હરીશ શિયાલ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા પાંચ વર્ષ દરમિયાન થનારા વિવિધ કાર્યક્રમોના સહયોગી દાતાશ્રીઓ

## પ્લેટીનમ દાતા

| | | |
|---|---|---|
| માતુશ્રી કસ્તુરબેન મુરજી દંડ (ભૂમિરાજ બિલ્ડર) | લાખણિયા | નવી-મુંબઈ |
| શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી | સુથરી | વરલી |

## ડાયમંડ દાતા

| | | |
|---|---|---|
| શેઠશ્રી અશોક કલ્યાણજી ભેદા - નેપ્ચ્યૂન ગ્રુપ | વારાપધર | મુલુંડ |
| માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિશનજી લોડાયા | આરીખાણા | મુલુંડ |
| માતુશ્રી જમકુબેન ચાંપશી લોડાયા | તેરા | મુલુંડ |
| શા. ડુંગરશી ટોકરશી દંડ પરિવાર | બાયઠ | મઝગામ |
| શ્રી પારસ પદમશી મૈશેરી | રાપર ગઢવારી | ઘાટકોપર |
| શ્રી પ્રફુલ ચીમનલાલ ડુંગરશી મોતા | તેરા | ડોંબિવલી |
| શ્રી ભાવિન જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર | કોઠારા | મુલુંડ |
| માતુશ્રી મુરબાઈ રાયચંદ જેઠાભાઈ લોડાયા | કોઠારા | મુલુંડ |
| શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી | સુથરી | વરલી |
| શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ (મોમાયા) | સાંયરા | મુલુંડ |
| માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા - ટીકીટાર | રાયધણજર | - |
| શ્રી શિવજી કુંવરજી વિકમશી | રાણપર | લાલબાગ |
| એક સદ્‌ગૃહસ્થ પરિવાર | | |

## ગોલ્ડન દાતા

| | | |
|---|---|---|
| શ્રી અશોક વેરશી મોતા | સુથરી | અંધેરી |
| માતુશ્રી ગોમાબાઈ ડાહ્યાલાલ ધરમશી | રંગપુર | બોરીવલી |
| શ્રી ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| શ્રીમતી તેજલ રાજેશ લોડાયા | મોટી સિંધોડી | સાયન |
| શ્રી પદમશી દામજી લોડાયા | તેરા | યવતમાળ |
| માતુશ્રી પ્રેમિલાબેન મેઘજી પદમશી મોતા | વારાપધર | મુલુંડ |
| શ્રી પ્રતાપ હંસરાજ ધરમશી | કોઠારા | મુલુંડ |
| શ્રી મનીષ પ્રતાપ રામજી ડાઘા | વરાડીયા | મુલુંડ |
| શ્રી મણિકાંત હીરજી ધુલ્લા | જખૌ | મુલુંડ |
| શ્રીમતી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા | લાખણિયા | વડાલા |
| સંઘમાતા રતનબાઈ ગોવિંદજી દંડ (મંગલભા) | લાલા | માટુંગા |
| શ્રી લહેરચંદ હીરજી મેપાણી | પરજાઉ | મુલુંડ |
| માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ ધરમશી | સુથરી | મુલુંડ |
| માતુશ્રી સુશીલાબેન લહેરચંદ લાલકા | બાંઢિયા | મુંબઈ |
| માતુશ્રી હંસાબેન મણિલાલ ફુરુવા | ગોધરા | મુલુંડ |
| એક સદ્‌ગૃહસ્થ | તેરા | માટુંગા |

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા પાંચ વર્ષ દરમ્યાન થનારા વિવિધ કાર્યક્રમોનાં સહયોગી દાતાશ્રીઓ

## સિલ્વર દાતા

| | | |
|---|---|---|
| આણંદ પરિવાર-અ.સૌ. જ્યોતીબેન નરેન્દ્રભાઇ દંડ | તેરા | મુંબઈ |
| આણંદ પરિવાર-માતુશ્રી નવલબેન બાબુભાઈ ધનજી દંડ | તેરા | ભાંડુપ |
| સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| માતુશ્રી કુંવરબાઈ ઉમરશી ઘેલાભાઈ છેડા | સુથરી | મસ્જીદ બંદર |
| શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા | રવા | ચેમ્બૂર |
| માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા | સાંયરા | માટુંગા |
| શ્રી ગુલાબ ડુંગરશી નરશી ધરમશી | સાંધાણ | મુલુંડ |
| શ્રી ચંદ્રહાસ રતનશી ખોના - પાંજો પ્રતિબીંબ | સુથરી | ઘાટકોપર |
| શ્રી જવેરચંદ નરશી સાયલા પરિવાર | મંજલ રેલડીયા | મસ્જીદ બંદર |
| શ્રી જનક વેરશી મોતા | સુથરી | પાર્લા |
| માતુશ્રી જેતબાઇ ખીમજી મોમાયા- વીણા નાગડા | મોટી સીંધોડી | મસ્જીદ બંદર |
| માતુશ્રી ઝવેરબેન ધનજી ધરમશી (તરૂણભાઈ) | સુથરી | જુહૂ |
| શ્રીમતી દક્ષા જગદિશ દંડ | બાયઠ | વાશી |
| શ્રી નથુભાઈ નરશી દંડ પરિવાર | મંજલ રેલડીયા | અંધેરી |
| શ્રી નવીનચંદ્ર ધનજી ધરમશી | સુથરી | માટુંગા |
| શ્રીમતી પ્રભાબેન તેજપાલ લખમશી ધરમશી | લાલા | મુલુંડ |
| માતુશ્રી પ્રભાબેન ઝવેરચંદ ખીમજી મોમાયા | ડુમરા | મુલુંડ |
| માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા | વારાપધર | ઘાટકોપર |
| માતુશ્રી પુષ્પાબાઈ પદમશી માલશી સાયલા | તેરા | મુલુંડ |
| શ્રી પ્રતાપ નેણશી ધરમશી - પી.પી.ઓઈલ | કોઠારા | મુલુંડ |
| માતુશ્રી બાયાબાઈ ગોવિંદજી લોડાયા (સૌ. અનીતા જીવરાજ) | મોટી ખાવડી | થાણા |
| શ્રી ભવાનજી અરજણ ભેદા | વારાપધર | મુલુંડ |
| શ્રી મનોજ હીરાચંદ મોતા | નલીયા | મુલુંડ |
| માતુશ્રી મધુરીબેન મુલચંદ લોડાયા | તેરા | મસ્જીદ |
| માતુશ્રી માનબાઇ ઉમરશી કાનજી ભેદા | વારાપધર | ઘાટકોપર |
| માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી | ઘાટકોપર |
| શ્રી મોતિલાલ દેવજી લોડાયા | મોટી ખાવડી | ઘાટકોપર |
| મોક્ષ ગિરિશ બાબુલાલ લોડાયા | ગોરખડી | માટુંગા |
| માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા | મોટી સિંધોડી | ડોંબીવલી |
| માતુશ્રી રતનબેન જયચંદ લુઠીયા | રવા | મુલુંડ |
| માતુશ્રી લક્ષ્મીબેન વીશનજી હીરજી છેડા | નલીયા | મુલુંડ |
| માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા | સુથરી | મુલુંડ |
| માતુશ્રી લલિતાબેન કેશવજી ધરમશી | રંગપુર | મુલુંડ |
| માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ઘાટકોપર |
| શ્રી સંજય રતીલાલ લોડાયા (અજાણી) | કોઠારા | ઘાટકોપર |
| માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી | લાલા | મુલુંડ |
| શ્રી ભવાનજી દેવશી લોડાયા | વાંકુ | મુલુંડ |
| માતુશ્રી હીરાબાઇ જયચંદ નાગડા | નલીયા | માંટુંગા |
| એક સદ્‌ગૃહસ્થ | વરાડીયા | માટુંગા |
| સાધર્મિક પરિવાર | અરિખાણા | મુલુંડ |

પહેલું બિંદુ - ધર્મ છે.

સંસ્કાર સમગ્ર અસ્તિત્વોનો પાયો છે અને સંસ્કારનું બીજું નામ જ ધર્મ છે ધર્મ પડછાયો બને તો આખું જીવન તેજોમય બને, પરિપૂર્ણ બને.

બીજું બિંદુ - શિક્ષણ છે.

જ્ઞાન દરેક માન અને સન્માનનું સર્જનહાર છે. જ્ઞાન હોય ત્યાં ઉદ્ધાર છે, ઉદ્ધાર છે, ઉન્નતિ છે અને જ્ઞાન થકી જ અશક્ય પણ શક્ય બને છે.

ત્રીજું બિંદુ - વ્યવસાય છે.

કર્મણ્યે વાધિકારસ્તેના વિધાનને આત્મસાત કરવું પરમ ફરજ છે. નોકરી હોય કે વેપાર, એમાં નિષ્ઠા હોય અને નિરંતર વિકાસ હોય તો જીવન અર્થસભર છે, અનેરું છે.

ચોથું બિંદુ - સ્વાસ્થ્ય છે.

જાતે નર્યા તો જગ જીત્યા એ વાત સાર્થક થાય તો રંગ રહી જાય. તંદુરસ્તીમાંથી મન દુરસ્તી અને મહાપ્રગતિ સર્જાય પણ છે અને સરળ પણ બની જાય છે.

નવું પ્રતીક સુંદર ભવિષ્યની આશા જગાવતા બાળક જેવું હોય છે. આપણી જ્ઞાતિના નવા પ્રતીકમાંના ચાર બિંદુ એ ચારેય દિશામાં કેડીઓના જયકારના પડઘમ છે.

ચાર રેખાઓ છે આપણા એ હાથ જે એકમેક સાથે સંકળાઇને સાથ અને સહકારના નવા અધ્યાય થકી સુખ અને સમૃદ્ધિના નવા સીમા ચિન્હને આંબવા સજ્જ થયા છે, મક્કમ થયા છે.

અંગ્રેજી અક્ષર કે માં દેખાતી ઉર્દ્વગામી લાલ રેખા શુભાશય ધરાવતી અને સુનિશ્ચિત પ્રગતિ સાધવાનું આહવાન કરી રહી છે.

## ગૌરવગીત

કેડીઓ... કચ્છી દશા... કેડીઓ... કચ્છી દશા
પાં ત કેડીઓ, અસી કેડીઓ... પાં ત કેડીઓ, અસી કેડીઓ...
સર્જીને ઈતિહાસ આજમાં રહેતા સંપી બેલીઓ
ભાવિ સુંદર બોલાવે ચાલો ના રોકે કોઈ બેડીઓ...
કેડીઓ... કચ્છી દશા... કેડીઓ... કચ્છી દશા
પાં ત કેડીઓ, અસી કેડીઓ... પાં ત કેડીઓ, અસી કેડીઓ...
માત આપણી છે મહાકાળી, પ્રેમ વતનનો માથે,
વસીએ, ખીલીએ, રોજ રાખીએ, શાતા સમતા સાથે,
જૂની-નવી પેઢીની વચ્ચે સમજણનો છે સેતુ,
જ્ઞાતિનો ઉત્કર્ષ થજો એ પરમ ધરમ ને હેતુ,
નામ લઈને અનંતનાથનું તાલ નવો અમે છેડીઓ,
ભાવિ સુંદર બોલાવે ચાલો ના રોકે કોઈ બેડીઓ...
કેડીઓ... કચ્છી દશા... કેડીઓ... કચ્છી દશા
પાં ત કેડીઓ, અસી કેડીઓ... પાં ત કેડીઓ, અસી કેડીઓ...

# DHANVEER TRADING CO.

Grain Merchants& Commission Agents

Bharat Shah
Mob.: 98205 32251

Vijay Shah
Mob.: 98921 66501

P-5, APMC Market - II, Phase - II, Vashi, Navi Mumbai-400 703.

Off. : 2783 9528

E-mail : vijaybharat.shah@gmail.com

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની વિવિધલક્ષી પ્રવૃતિઓના સંચાલન માટે વિવિધ પેટા સમિતિઓ અને તેના કાર્યકરો

**પ્રમુખ :**

નયન અશોક ભેદા

**ઉપપ્રમુખ :**

પારસ પદમશી મૈશેરી
સંજય રતીલાલ અજાણી

**સેક્રેટરી :**

ચેતન મેઘજી મોતા
રાજુલ ભદ્રેશ પટેલ (મોમાયા)

**ખજાનચી :**

રાજેશ રાયચંદ છેડા

**શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ** : **પારસ પદમશી મૈશેરી, મનીષ પ્રતાપ ડાઘા,** દિનેશ રામજી લોડાયા, રાયચંદ શિવજી લોડાયા, હરીશ ખેતશી શિયાલ, ડૉ. રાજેન્દ્ર મણિલાલ કુરવા, ગુલાબ કલ્યાણજી મૈશેરી, ડૉ. ઈલાબેન વેરશી મૈશેરી, રાહુલ મેઘજી ધુલ્લા, તેજપાલ લખમશી ધરમશી, ગિરીશ બાબુલાલ લોડાયા.

**માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ** : **સંજય રતિલાલ અજાણી,** કુસુમબેન વીરેન્દ્ર મેપાણી, કુમાર બાબુભાઈ દંડ, કિરીટ ઉમરશી છેડા, હરીશ ખેતશી શિયાલ, જયેશ વિજય મોમાયા, ઉષા રાયચંદ ધુલ્લા, સરોજ લાલજી મુનવર, લક્ષ્મીબેન વિશનજી સોની, રાયચંદ શિવજી લોડાયા.

**ધાર્મિક/યાત્રા પ્રવાસ** : **કુમાર બાબુભાઈ દંડ,** મધુરીબેન મુલચંદ લોડાયા, પ્રફુલ ચીમનલાલ મોતા, કમલેશ શિવજી શિયાલ, કિરીટ ઉમરશી છેડા, ગુલાબ ડુંગરશી ધરમશી.

**શિક્ષણ** : **હેમાંગ રાયચંદ ધરમશી,** જતીન તરૂણ ધરમશી, કવિતા કલ્પેશ ધરમશી, બેલા ચીમન મોતા, પૌલોમી યોગેશ ધરમશી, ચૈતાલી પ્રદીપ મોમાયા, દિપ્તિ અનીલ ધરમશી, તિલેશ શાંતિલાલ મૈશેરી, અજય લોડાયા.

**સમુહ લગ્ન** : **મુકેશ ભવાનજી લોડાયા, રાહુલ મેઘજી ધુલ્લા,** દેવેન શાંતિલાલ ધરમશી, વીરેન્દ્ર ભવાનજી લોડાયા, અરવિંદ રાયચંદ લોડાયા, વિપુલ કરમશી લોડાયા. હરીશ ખેતશી શિયાલ, ચાંદની પરેશ લાલકા, કિરણ ગોવિંદજી ધુલ્લા.

**સગપણ માહિતી** : **ચાંદની પરેશ લાલકા,** મધુરીબેન મુલચંદ લોડાયા, કવિતા કલ્પેશ ધરમશી, ગોવિંદજી લાલજી પટેલ, કિરીટ કુંવરજી કુરવા, નિશા હરીશ શિયાલ, રાહુલ મેઘજી ધુલ્લા.

**યુવા અને સ્પોર્ટસ્** : **દેવેન શાંતિલાલ ધરમશી, અજય ઝવેરચંદ લોડાયા,** અમિત વિનોદ ધુલ્લા, હિતેન ભદ્રીચંદ લોડાયા, જયેશ વિજય મોમાયા, મનીષ પ્રતાપ ડાઘા, ભાવિન જયંત સોની, જતીન તરૂણ ધરમશી, ચૈતાલી પ્રદીપ મોમાયા, કલ્પેશ નિરંજન મોમાયા, વીરેન્દ્ર ભવાનજી લોડાયા, સમીર શામજી દંડ, સંજય ઝવેરચંદ લોડાયા.

**અનાજ વિતરણ** : **પ્રફુલ ચીમનલાલ મોતા,** રાહુલ મેઘજી ધુલ્લા, ટોમેશ કાંતિલાલ નાગડા, ગોવિંદજી લાલજી પટેલ, મનોજ દામજી લોડાયા, રાજેશ માણેકજી મૈશેરી.

**પ્રાર્થના સભા** : **ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી,** તેજપાલ લખમશી ધરમશી, મધુરીબેન મુલચંદ લોડાયા, પ્રફુલ ચીમનલાલ મોતા, કમલેશ શિવજી શિયાલ, અરવિંદ રાયચંદ લોડાયા, કુસુમબેન વીરેન્દ્ર મેપાની, હંસા ખુશાલ મૈશેરી.

**હિસાબ અને ઓડિટ** : **રાજેશ રાયચંદ છેડા,** કુમાર બાબુભાઈ દંડ, પૌલોમી યોગેશ ધરમશી, કવિતા કલ્પેશ ધરમશી, ગુલાબ ડુંગરશી ધરમશી.

**લાગા / રોલ પત્રક** : **તેજપાલ લખમશી ધરમશી,** કિરીટ કુંવરજી કુરવા, કિરણ ગોવિંદજી ધુલ્લા, ટોમેશ કાંતિલાલ નાગડા

**જોબ જંકશન** : **પૌલોમી યોગેશ ધરમશી,** રાજેશ રાયચંદ છેડા, કવિતા ધરમશી, ચૈતાલી પ્રદીપ મોમાયા.

**આઈ. ટી. / બ્રાન્ડિંગ** : **અમિત વિનોદ ધુલ્લા,** કલ્પેશ નિરંજન મોમાયા, ભાવિન જયંત સોની, જતીન તરૂણ ધરમશી, જયેશ વિજય મોમાયા, બેલા ચીમન મોતા, પૌલોમી યોગેશ ધરમશી.

# MUKESH
## GROUP OF COMPANIES

Crystal Shopping Arcade, 1st & 2nd Floor, Opp. Indian Bank, S.V.Road,
Santacruz (West), Mumbai - 54. Tel : 26105401, 26105382. www.mukeshgroup.in

# OUR RECENT PROJECTS



CRYSTAL POINT, ANDHERI



CRYSTAL PARADISE, ANDHERI



CRYSTAL PLAZA, ANDHERI



CRYSTAL SHOPPERS PARADISE,
BANDRA, MUMBAI




SHANTABA AMBIL BHUVAN,
PALITANA, GUJARAT.



CRYSTAL PALACE,
CBD BELAPUR, NAVI MUMBAI.



CRYSTAL BUSINESS PARK,
POWAI.



CRYSTAL POSH,
SION.

મુકેશકુમાર મગનલાલ દોશી પરિવાર (જેસરવાળા)

# Defining the skyline of Navi Mumbai with magnificent high rises





A drive down Navi Mumbai's Palm Beach Road and one can't stop gazing at the enthralling skyline. Bhumi Raj Constructions is proud to adorn the expressway that is the heart of the satellite city. Our residential and commercial projects are thoughtfully designed to offer maximum convenience, finest amenities and breathtaking views. No wonder, Palm Beach Road is the heart of the satellite city.

BHUMI RAJ

**Mr. Bhupendra M. Shah - CMD**

Bhumi Raj Construction: Bhumi Raj Costarica,16th Floor, Plot No. 1 & 2, Sector - 18, Off Palm Beach Road, Sanpada , Navi Mumbai - 400 703.

Tel.: 6733 2222. E-mail: info@bhumirajgroup.in, sales@bhumirajgroup.in Web Site: www.bhumirajgroup.in



JACK & JONES®
WWW.TWITTER.COM/JACKJONESINDIA
WWW.FACEBOOK.COM/JACKJONESINDIA
AHMEDABAD, AMRITSAR, BANGALORE, CHANDIGARH, CHENNAI, GURGAON, HYDERABAD, KOLKATA,
LUCKNOW, LUDHIANA, MUMBAI, NEW DELHI, SURAT, PUNE ALSO AT SELECT LIFESTYLE STORES, SHOPPERS STOP,
WESTSIDE, ICONIC (JODHPUR/UDAIPUR), MNM (VISAKHAPATNAM), NO EXIT (JALANDHAR/AMRITSAR). WWW.JACKJONES.COM.
Marching Ants